અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૫-૧૧-૨૦૨૩ શનિવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ કારતક સુદ ૧૩ વર્ષ : ૨૮ અંક ૮૮



Sheetal
ANY TIME TASTY
Noodles
73000 51000

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી


## સાંસદશ્રી નારણભાઇ કાછડીયાનાં પ્રયાસોના ફળ સ્વરૂપે અમરેલીને નેશનલ હાઇવે મળશે

# મહુવા-જેતપુર નેશનલ હાઇવેની જમીન સંપાદનનું જાહેરનામુ બહાર પડયું

### અમરેલી જિલ્લાના ૧૭ ગામો અને બે શહેરોના કુલ ૫૨૫ સર્વે નંબરોનો સમાવેશ



અમરેલી,૧૦૮ તરીકેની છાપ ધરાવતા એવા અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા દ્વારા અમરેલી જિલ્લાના વિકાસ

(અનુ. પાના નં.૫)


ઉત્સાહી માણસ જોઇએ છે
જાહેર ખબરના બીલની ઉઘરાણી કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે
માત્ર સ્થાનિક લોકોએ જ સંપર્ક કરવો
અવધ ટાઇમ્સ કાર્યાલય
હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી
અવધ ટાઇમ્સ કાર્યાલયે રૂબરૂ સંપર્ક કરવો : સંપર્ક સમય : સવારે ૧૧ થી ૧

અમરેલીમાં પ્રવેશ માટે ઉતમ તક
● A.N.M. ● G.N.M. ● B.Sc.
● M.Sc. (N) ● P.B.B.Sc. (N)
SC, ST કેટેગરીના વિદ્યાર્થીઓને
૧૦૦% સ્કોલરશીપ ઉપલબ્ધ
બહેનો તથા ભાઇઓ માટે અલગ - અલગ હોસ્ટેલ સુવિધા
સંપર્ક : મો.૯૮૭૫૨ ૨૨૬૫૮

LIC
અમરેલી જિલ્લામાં એકમાત્ર...
CORPORATE CLUB MEMBER
સતત ૪ વર્ષથી C.O.T.
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
जिस दिन हम ये *समझ* जायेंगे कि
सामने वाला *गलत* नहीं है सिर्फ
उसकी *सोच* हमसे अलग है
उस दिन *जीवन* से
*दुःख* समाप्त हो जायेंगे।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ-૧૯, ઇન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

હાઉસફુલ... હાઉસફુલ... હાઉસફુલ...
ઠંડીના લાગે તેવા તંબુમાં નિહાળો...
દર રવિવારે બે શો.... ૬:૦૦ તથા ૯:૩૦ કલાકે
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઈન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.
Jaya Art & Culture
સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય
સાંજે ૪ થી ૬ તથા રવિવારના
શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ટીકીટના દર
વી.આઇ.પી. રૂા. ૧૫૦ ■ ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦
સેકન્ડ કલાસ રૂા. ૭૦
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે

Sheetal
પ્રસંગ ખાસ, શીતલ છાશ,
બોલશો હાશ...
Sheetal Buttermilk
6 લીટર પાઉચમાં ઉપલબ્ધ
73000 51000





પર્યાવરણને અનુકૂળ,
વિકાસને સાનુકૂળ!
CNG સ્ટેશન ડીલરશીપ મેળવવા માટેની અમૂલ્ય તક
ગુજરાત ગેસ લિમિટેડ (GGL) અને સાબરમતી ગેસ લિમિટેડ (SGL)
તેને અધિકૃત કરેલ ગુજરાતના ભૌગોલિક વિસ્તારમાં નવા CNG સ્ટેશનોની સ્થાપના
કરવા માટે ઇચ્છુક અરજદારો પાસેથી સંપૂર્ણતઃ ડીલર માલિકી અને ડીલર સંચાલિત
(FDODO) મોડેલ અંતર્ગત ઓનલાઇન અરજીઓ મંગાવે છે.







ઓનલાઇન અરજી અને વિગતવાર માહિતી માટે જુઓ
ગુજરાત ગેસ લિમિટેડની વેબસાઇટ
www.gujaratgas.com
સાબરમતી ગેસ લિમિટેડની વેબસાઇટ
www.sabarmatigas.in
વધુ જાણકારી માટે સંપર્ક નંબર :
ગુજરાત ગેસ લિમિટેડ : ૧૮૦૦-૧૨૩-૬૦૦૦
સાબરમતી ગેસ લિમિટેડ : ૧૮૦૦-૩૦૯-૭૮૭૯
ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ : ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪
CNG FUEL OF THE FUTURE
● સંપૂર્ણતઃ ડીલર માલિકી અને ડીલર સંચાલિત
● ૩૦૫૦ કિલોમીટરના સ્ટીલ ગેસ પાઇપલાઇન ઉપર ઓનલાઇન CNG સ્ટેશનની ડીલરશીપ, અન્ય જગ્યાએ ઓફલાઇન CNG સ્ટેશનની ડીલરશીપ
● શહેરી અને ગ્રામીણ વિસ્તાર તેમજ નેશનલ / સ્ટેટ હાઇવે અને અન્ય માર્ગો ઉપર
● હાલના સ્ટીલ ગેસ પાઇપલાઇન નેટવર્ક અને મધર CNG સ્ટેશનની વિગતો ઓનલાઇન પોર્ટલ પર ઉપલબ્ધ
CNG સ્ટેશનથી
સ્થાનિક વિકાસ
રોજગારીની તક
નોંધ : (૧) ફક્ત ઓનલાઇન અરજીઓ સ્વીકારવામાં આવશે
(૨) અરજી ફી ₹ ૨૫,૦૦૦/- (રિફંડેબલ શરતોને આધિન)
(૩) અરજી ફી ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે
(૪) અરજી ફી માટે રોકડ રકમ અથવા અન્ય પ્રકારે પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં
GUJARAT GAS
Sabarmati Gas

# ખેડુતોની ડબલ આવક કરવાની વાતો કરનારી સરકારના રાજમાં કપાસ ૧૪૦૦ થી નિચે વેચાઈ રહ્યો છે : શ્રી ઠુંમર

## પુર્વ ધારાસભ્ય શ્રી વિરજીભાઈ ઠુંમરે આક્રોશ વ્યક્ત કર્યો



અમરેલી,ગુજરાતનો ખેડુત અને ગરીબવર્ગમાર્યા-માર્યાફરે છે તેમજણાવી પુર્વ સાંસદ/ધારાસભ્યશ્રી વિરજીભાઈ ઠુંમરે એક પ્રેસ નિવેદન કરી જણાવ્યું હતું કે, ૨૦૨૨ માં ખેડુતની ડબલ આવક કરવાની વાતો કરનારી સરકારનાં રાજમાં કપાસ ૧ મણ રૂા.૧૪૦૦/- થી નીચે વેચાઈ રહ્યો છે મનમોહનજી ની સરકારમાં તે વખત રૂા.૧૬૦૦/-મળતા હતા. ૧૦ વર્ષ મનમોહનજી ની સરકાર અને ૧૦ વર્ષ ભાજપની સરકારમાં સરખામણી કરવામાં આવે તો ખેડુતની પરિસ્થિતિ બેહાલ બની છે. ૨૦૦૫-૦૬ માં રૂા.૧૬૦૦/- કપાસ અને રૂા.૭૦૦/- ડીએપીએ ની થેલી, રૂા.૧૯૦/-યુરીયા, રૂા.૫૨/-ડીઝલ, સિમેન્ટ લોખડનો ભાવ હતો તે કરતા ત્રણ ગણો થયો છે ખેડુતોને પાયાનું ખાતર મળતું નથી અને ભાજપની સરકાર રોજ વાહ-વાહી લુટી રહી છે. ૧૫૬ નીછાતીની વાતો કરનારી ભાજપની સરકારને ૧૫૬ ગુજરાતની પ્રજાએ આપ્યા પછી નોનપ્લાન રસ્તાનું બાળ મરણ થયું છે. ખેડુતો દેવામાં દબાતા આત્મવિલોપન કરી રહ્યા છે. ગરીબ માણસ પોતાના અંગો વહેચીને દિવાળી ઉજવી રહ્યા છે. ત્યારે બે મોઢાની ભાજપ છત્તીસગઢ અને રાજસ્થાનમાં રૂા.૫૦૦/- ગેસનાં બાટલા આપવા ફાકા જીકી રહ્યા છે જયા ભાજપ જીતવાનું નથી. ગુજરાતમાં ૩૫ વર્ષથી ભાજપનું રાજ ચાલે છે તો ગુજરાતની પ્રજાનો શું વાંક છે? ૧૫ વર્ષ પહેલા કપાસનાં રૂા.૧૬૦૦/- મળતા હતા હવે ૧૪૦૦/-મળે છે તેમાં ખેડુતનો શું વાંક છે? તેવો એક વેધક પ્રશ્ન સાથે પુર્વ સાંસદ/ધારાસભ્યશ્રી વિરજીભાઈ ઠુંમરે દુઃખ સાથે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું નામ વટાવી સરદારને નેસ નાબુદ કરવાનું સરદારના નામે લોકપ્રિયતા લેવાનું ભાજપનું જે કારસ્તાન છે જો ભાજપ સરદારને માનતા હોય તો કોમી પરિબળ ઉપર સરકારે પ્રતિબંધ મુકયો હતો તેના પર ભાજપ શું કહેવા માંગે છે તેનો પણ ખુલાસો કરે, તેમશ્રી ઠુંમરે અંતમાં જણાવ્યું હતું.

### અમરેલી જીલ્લા યુવા આહિર સમાજ દ્વારા પ્રમુખશ્રી કમલેશ ગરણીયાની આગેવાનીમાં

# અમરેલીમાં રવિવારે આહિર સમાજનો સ્નેહ મિલન અને ભવ્ય સત્કાર સમારોહ યોજાશે

## અમરેલી જીલ્લા આહીર સમાજ પ્રમુખ શ્રી જીતુભાઈ ડેરની પ્રેરક ઉપસ્થિતીમાં ભવ્ય કાર્યક્રમ



અમરેલી,
અમરેલી જીલ્લા યુવા આહિર સમાજ દ્વારા આહિર સમાજ સ્નેહમિલન અને સત્કાર સમારોહ રવિવારે યોજાનાર છે.અમરેલી જીલ્લા યુવા આહિર સમાજ દ્વારા આહિર સમાજનું સ્નેહમિલન અને સત્કાર સમારોહ તા.૨૬-૧૧-૨૦૨૩ રવિવારે સવારે ૯:૦૦ કલાકે આહિર વિદ્યાર્થી ભવન લાઠી રોડ અમરેલી ખાતે યોજાનાર છે. અમરેલી જીલ્લાના આહિર સમાજનું સ્નેહમિલન સાથે રાજકિય સામાજીક શૈક્ષણીક ક્ષેત્રે સફળતા મેળવીને સમાજનું ગૌરવ વધારનાર મહાનુંભાવોનો સન્માન અભિવાદન અમરેલી જીલ્લા આહિર સમાજ પ્રમુખશ્રી જીતુભાઈ ડેર અને આહિર સમાજના હોદેદારો અને આગેવાનોની પ્રેરક ઉપસ્થિતીમા આહિર સમાજ વિદ્યાર્થી ભવન લાઠી રોડ અમરેલી ખાતે યોજાનાર છે તેમ અમરેલી જીલ્લા યુવા આહિર સમાજ પ્રમુખ શ્રી કમલેશભાઈ ગરણીયાએ જણાવ્યું છે.

# અમરેલી જીલ્લામાં શિક્ષકોને સીપીઆર તાલીમ અપાશે

## તા.૩ અને તા.૧૭ ના રોજ અમરેલીમાં મેડીકલ કોલેજ ખાતે ૧ કલાકની બેચમાં ૩૦૦ શિક્ષકોને તાલીમ

અમરેલી,
અમરેલીમાં પ્રાથમીક શાળાના શિક્ષકો માટે સીપીઆર તાલીમનું આયોજન થયું છે. આ અંગે પ્રાથમીક શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરેલા પરીપત્ર મુજબ રાજ્ય ભરમાં નાની ઉમરના બાળકો યુવાનોને કાર્ડીયાક હેરેસ્ટ અને હાર્ટ એટેકના કિસ્સા વધી રહ્યા છે તયારે રાજ્ય સરકાર સંવેદનશીલ છે. કાર્ડીયાકહેરેસ્ટ અને હાર્ટ એટેકની બનતી ઘટનાઓ રોકવા તા.૨૨-૧૧-૨૦૨૩ ના રોજ શિક્ષણ મંત્રીના અધ્યક્ષ પદે ઈન્ડીયન સોસાયટીઓ એનેસ્થેશ્યોલોજીસ્ટ ગુજરાતના સહયોગથી રાજ્યની ૩૭ મેડીકલ કોલેજના ડીન તથા ડોકટરોની ઉપસ્થિતીમાન રાજ્ય ભરની સરકારી પ્રાથમીક શાળામાં શિક્ષકોને સીપીઆત તાલીમ આપવા આયોજન કર્યુ છે. તે અંગે વિડીયો કોન્સફરન્સનું આયોજન કરી જરૂરી માર્ગદર્શન પુરુ પાડેલ છે. નક્કી થયા મુજબ તા.૩-૧૨-૨૩ રવિવાર અને તા.૧૭-૧૨-૨૩ રવિવારે જેતે જીલ્લાની મેડીકલ કોલેજ ખાતે સવારે ૧૦ થી સાંજના ૬ સુધી એક કલાકની બેચમાં ૩૦૦ શિક્ષકોને તાલીમ અપાશે. દિવસમાં એક કલાકની આઠ બેચમાં ૨૪૦૦ શિક્ષકોને તાલીમના બે દિવસમાં જીલ્લા દિઠ કુલ ૪૮૦૦ શિક્ષકોને તાલીમ અપાશે. જો કોઈ તાલુકામાં શિક્ષકોની સંખ્યા ૩૦૦ થી ઓછી હોત તો નજીકના તાલુકાના શિક્ષકોને સમાવેશ કરી બેચ બનાવવા પણ રાજ્યના શિક્ષણ નીયામકે આદેશ કર્યો છે.જીલ્લા પ્રાથમીક શિક્ષણ અધીકારીને પણ મેડીકલ કોલેજના સંકલનમાં રહી આયોજન કરવા સંયુક્ત શિક્ષણ નિયામકે આદેશ કર્યાનું જણાવ્યું છે.

# અમરેલી કપોળ મહાજન વાડીમાં પિતૃમોક્ષાર્થે મહેતા પરીવાર દ્વારા શ્રીમદ ભાગવત કથા યોજાઈ

## નાના ભંડારીયાવાળા મહેતા પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે આયોજન

અમરેલી,
નાના ભંડારીયાવાળા મહેતા પરીવાર દ્વારા પિતૃમોક્ષાર્થે તા. ૧૪-૧૧ થી તા. ૨૦-૧૧ સુધી ભાગવતાચાર્ય શાસ્ત્રી નરેશભાઈ રાજયગુરૂ દ્વારા સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. અમરેલી કપોળ મહાજન વાડીમાં યોજાયેલ ભાગવત કથામાં આવતા વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી.

# બગસરા નજીક સાપરમાં ખેતરે બાંધેલ ગાયને દુર લઇ જઇ પગ ભાંગી નાખ્યાં

## પોલીસે આરોપીને પકડી પાડવા બનાવેલી ટીમોએ આરોપીને પકડી પાડ્યો



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)
બગસરના સાપર ગામે ખેડૂતની ગાયના પગને ગંભીર ઈજાઓ પહોંચાડવાનો મામલો બહાર આવ્યો છે. આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ગત દિવસે સાપર ગામે ખેડૂતના ખેતરે બાંધેલ ગાયને દૂર લઈ જઈ પગમાં ઈજાઓ કરી હતી
એક પગ કાપી અન્ય ત્રણ પગોને ભાંગી નાખ્યા હતા. ખેડૂતની ગાય સાથે હીન કૃત્ય કરનાર આરોપીને પકડવા પોલીસ દ્વારા વિવિધ ટિમો બનાવી તપાસ કરી શરૂ છે. આરોપીને પોલીસે દબોચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

અમરેલીમાં ચિતલ રોડ ઉપર રોકાણ કરવાની સુવર્ણ તક
અમરેલીમાં ચિતલ રોડ, મહિલા સોસાયટી, મેઇન રોડ ટચ
સોનાની લગડી જેવા પ્લોટ વેચવાના છે
ટાઇટલ કલીયર, સબ પ્લોટીંગ સાથે - સંપુર્ણ લોનેબલ પ્લોટ કસમાં વેચવાના છે
એક વસાના તેમજ પોણા વસાના અતિ મોકાના પ્લોટ
નોંધ :- જ્ઞાતીબાદ નથી
સંપર્ક :- રઘુવીર એસ્ટેટ બ્રોકર
લાઠી રોડ, સોમનાથ કોમ્પલેક્ષ, પહેલો માળ, દુકાન નં.૩, અમરેલી
મો. ૬૩૫૨૦ ૨૧૬૯૧ - ૭૦૧૬૮ ૫૩૭૪૦

બાબરામાં દુકાન વેચવાની છે
દુકાન નં.૧૯ - પુનમ શોપીંગ સેન્ટર, કલાલ ચોક, નાના બસ સ્ટેન્ડ પાસે, ૧૭.૭ ફુટ X ૭.૭ ફુટની અતિ મોકાની દુકાન બાબરામાં વેચવાની છે
સંપર્ક : મો.૯૮૨૫૭ ૪૪૮૪૬

લોન...લોન...લોન...
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં મુદ્રા લોન, સબસીડીવાળી લોન, ખેતીવાડીની લોન, મોર્ગેજ લોન, હોમ લોન, દરેક પ્રકારની લોન મળશે
મહિલાની ૧૦ ગૃપની લોન કરી આપીશુ
ગામડામાં દરેક મકાન પર લોન મળશે
સંપર્ક : મો.૭૬૨૨૯ ૧૫૯૯૫

વેચવાનું છે
જુની ઇંટો તેમજ બારી દરવાજા તેમજ કોટા પથ્થર, લાદી વ્યાજબી ભાવે વેચવાના છે
જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા
હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૩૫ | જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

ભાડેથી આપવાની છે
પાટીદાર રેસ્ટોરન્ટ વાળી જગ્યા ભાડેથી આપવાની છે. સાવન સીમેન્ટની બાજુમાં, સોનાલીકા ટ્રેકટરની સામે, લાઠી રોડ, અમરેલી.
સંપર્ક : રમેશભાઇ વામજા
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯

આકર્ષક પગારથી માણસ જોઇએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્રશરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે
સંપર્ક : નિલવડા, તા.બાબરા
મો.૯૯૭૮૩ ૯૭૩૬૮, ૯૯૦૯૬ ૦૯૫૬૯ ૯૭૧૨૫ ૫૨૪૪૪

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મકાન વેચવાનું છે
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

રૂદ્ર એન્ટરપ્રાઇઝ
ગેરેન્ટેડ લેડીઝ ઇમીટેશન જ્વેલરીમાં દિપાવલી ધમાકા ઓફર
માત્ર રૂા.૧૫૦૦ ની ખરીદી પર ૧૦% તથા રૂા.૨૫૦૦ ની ખરીદી પર ૨૦% વળતર મેળવો
આ ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ
કિચનવેર તથા પ્લાસ્ટીકવેરની વેરાયટીઓ મળશે
સ્થળ : દુકાન નં.૭૩, સરદાર શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી મો.૬૩૫૪૩ ૫૩૬૫૦

ઉધઈ ન થવાની ૧૦ વર્ષની ગેરેંટી
પેસ્ટ કંટ્રોલર
ઉધઈ થી બચો
આપના મકાન, ફર્નિચર, ટેનામેન્ટ, ઓફિસ તથા મકાનનું બાંધકામ કરતી વખતે ઉધઈની ટ્રીટમેન્ટ કરવા માટે સંપર્ક કરો
ઉધઈ ન થવાની ટ્રીટમેન્ટ ઈન્જેક્શન દ્વારા કામકરી આપશુ ગેરેંટી માટે બીલ બનાવી આપવામાં આવશે.
મયુર મકવાણા : ૬૩૫૩૮ ૬૨૫૮૩

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
BAJAJ
''માઇલેજનો મહારથી''
ટુ વ્હીલર
CT 110
Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ
85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

દુનિયાનો સૌથી સસ્તો 4G ફોન
JioBharat 4G digital life
હવે મેળવો જીયો ભારત ફોન માત્ર Rs.999/- માં
₹999 Only
: લીમીટેડ સ્ટોક : ૧ મહિના માટે...
Rs.999 + 123 = Rs.1122/- ૧ વર્ષ માટે...
Rs.999 + 1234 = Rs.2233/-
Vi, Idea, Airtel, BSNL નંબરને જીયો ફોનમાં ચાલુ કરી આપીશું.
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો... ઓથો Jio ડિસ્ટ્રીબ્યુટર્સ
તેજસ ટેલીકોમ લક્ષ્મીનારાયણ મંદીરની બાજુમાં, અવધ કેરીફાર્મ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૭૧૪૦ ૪૦૪૯૦
બ્રાન્ચ તેજસ ટેલીકોમ કહાનકુંજ પાસે, સરદાર ચોક, અમરેલી.

॥ માતૃકૃપા ॥
પંજાબી
ચાઇનીઝ
ગુજરાતી
કાઠીયાવાડી
દાલ - બાટી બુધ - ગુરૂ
દરરોજ બપોરે ગુજરાતી થાળી ફક્ત રૂા.૯૯/- માં
દરરોજ રાત્રે કાઠીયાવાડી થાળી ફક્ત રૂા.૯૯/- માં મળશે
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે - પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ગણેશ ફેમેલી રેસ્ટોરન્ટ
ધ્રુવભાઇ મો.૯૪૨૯૮ ૮૯૯૮૫ - વિરાજભાઇ મો.૯૪૨૮૮ ૬૬૧૨૬
એરિકભાઇ મો.૯૮૨૫૪ ૯૭૫૪૭
કેરીયા રોડ, બાયપાસ, કોન સર્કલ પાસે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરિયાત હોઇ શકે...
• કોઇપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
• બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
કલાપી બેન્કવેટ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
• લગ્ન માટે સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૧૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
અક્ષય પટેલ મો.૭૦૯૯૦ ૪૧૦૦૮
www.shyamcaterers.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીસેપ્શન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
SHYAM Caterers
શ્યામ કેટરર્સ
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

આપના આંગણે આવતા શુભ પ્રસંગો માટે સુવર્ણ અલંકારો ખરીદવા માટેનું સર્વશ્રેષ્ઠ...
કલકતી, એન્ટીક, રોઝ ગોલ્ડ, જડતર, તથા લાઇટ વેઇટ ડાયમંડ જ્વેલરી...
સોના-ચાંદીના દાગીના તથા ૧ ગ્રામ ફોર્મીંગ જ્વેલરીની વિશાળ રેન્જ મેળવવા માટે અમારા નવ નિર્માણ શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
વર્ષોથી વિશ્વાસની પરંપરા સાથે...
એમ. વિઠલદાસ જ્વેલર્સ (શેડુભારવાળા)
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી. ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૬૩૫
મો. ૯૯૦૯૩ ૬૬૬૦૦, ૯૯૯૮૫ ૧૪૩૦૧.

essilor fastrack Ray-Ban ZEISS
Kodak CLARITY
ઠંડા ગોગલ્સ | પુમા | સનગ્લાસ | કાર્ટીયર | ટેગ ઓવર
દરેક બ્રાન્ડેડ કંપનીના ચશ્મા તેમજ કોન્ટેક લેન્સ બનાવનાર અરજન્ટ ચશ્મા બનાવનાર
ડો. સાહેબની સલાહ મુજબના નંબરવાળા ચશ્મા બનાવનાર
સમીર ચશ્મા ઘર
મોટા બસ સ્ટેન્ડ સામે, પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એઇમ્સ હોસ્પિટલ (જીવનધારા) પાસે, અમરેલી
ડ્રાઇવીંગ લાઇસન્સ તથા દરેક આઇકાર્ડ, યુનિકકાર્ડ, ચુંટણીકાર્ડ, ડુપ્લીકેટ બનાવનાર
મો. ૯૪૨૮૭ ૦૭૪૧૭, ૭૩૮૩૪ ૫૧૯૭૧

### પ્રશ્નોત્તરી સત્સંગમાં પૂ. શ્રી દિપકભાઇના શ્રીમુખેથી...

## વહુ સાથે કામ લેવું હોય તો 'એ મારી સાસુ, ને હું એની વહુ' એમ કરીને કામ લેવાનું



### જેટલો કલેશ કરીએ એટલા લક્ષ્મીજી દૂર જતા રહે, ઓછી આવકમાં ઘરમાં બધાએ ધર્મ કરવો, સંપીને રહેવું

આપણે અનંત અવતારથી ભટક્યા, તેમાંથી કેવી રીતે છૂટાય એ રસ્તો મળ્યો આપણને! આ ભટકાવનારું કોણ હતું? અહંકાર. અહંકાર આગળ વધે છે, 'હું કંઈક છું', 'હું જચંદુ છું', 'બાપ છું', 'સસરો છું', 'જમાઈ છું', 'એન્જીનીયર છું', 'ડોક્ટર છું'. અહંકાર હજુ આગળ વધે છે, 'હું કરું છું', 'આ મેં કર્યું', વકીલ કહે 'મેં મારી આવડતથી જીતાડ્યા કેસ', ડોક્ટર કહે, 'મેં ભલભલા ઓપરેશન કર્યા ને રોગ મટાડી દીધા.' ધર્મમાં પણ 'મેં ત્યાગ કર્યો', 'મેં તપશ્ચર્યા કરી',

માન આગળ વધે ત્યારે અભિમાન કહેવાય, 'આ બંગલો મારો', 'આ ઘર મારું', 'આ હોસ્પિટલ મારી'. પછી બીજી ફાંટો પડે છે, કર્તાપણાનો અને ગર્વરસનો. સારું થાય તો કહે 'મેં જ કર્યું', 'કેટલું સરસ કર્યું'.

બેનોને કોઈ કહે કે તમારા ભજીયા તો બહુ સારા! તો અંદર ગલગલીયા થાય. 'મારી મધરની રીત', એમ પિયરીયાનો ગર્વરસ ખાય અને સાસરિયાનો ગર્વરસ ખાય. પોતાને ઊભું થાય, પછી ખદબદ થયા કરે, એટલે પૂછે, 'કેવા થયા? બરાબર થયા છે ને?' આમ મેં કેટલું સરસ કર્યું, એના વખાણ કરો! આ જ રોગ સંસારમાં ભટકાવે છે.

પૂજ્યશ્રીએ સત્સંગમાં કહ્યું કે, ડિપ્રેશન આત્મામાં પેસવાનો રસ્તો છે. ચોગરદમથી વિપરીત પરિસ્થિતિ ઊભી થાય ત્યારે કોઈને દોષિત ના જોવાય તો આત્મામાં સ્થિર થવાનો રસ્તો સરળ બને છે. જે અહંકાર સફળતાના નશામાં પડે છે, તેને જ્યારે વિપરીત પ્રસંગ બને ત્યારે ઈમ્પ્રેશનમાં જેટલો ઉંચે ચડ્યો ત્યાંથી પડે છે. ઉપાય દર્શાવતા કહ્યું કે, કુદરત હીટ ટ્રીટમેન્ટમાં નાખે ત્યારે કોઈને દોષિત જોયા વગર આત્મામાં પેસી જવું.

વર્ષોથી લક્ષ્મીની મુશ્કેલી પડતી હોય ત્યારે શું કરવું? એ પ્રશ્નના ઉત્તરમાં પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, આ પૂર્વકર્મનો હિસાબ આવ્યો છે, કોઈનો દોષ નથી. રાત પછી દિવસ આવે છે, શિયાળામાં રાત મોટી હોય. આવા સમયે શું કરવું તે સમજાવતા કહ્યું હતું કે, ઘરમાં કકળાટ કરવો નથી. જેટલો કલેશ કરીએ એટલા લક્ષ્મીજી દૂર જતા રહે. ઓછી આવકમાં ઘરમાં બધાએ ધર્મ કરવો, સંપીને રહેવું. આવા સમયમાં આપણે નારાયણની ભક્તિ કરીશું તો લક્ષ્મીજી રાજી રહેશે.

મોક્ષ ખીચડી કરતા સહેલો છે, કરણ કે ખીચડી બનાવવામાં તો કેટલા સંજોગો જોઈએ. જ્યારે અજ્ઞાન માન્યતાઓથી બંધન હતું, એ અજ્ઞાન માન્યતાઓ છૂટી ગઈ, તો મોક્ષ સ્વરૂપ જ થઈ ગયો પોતે.

વહુ સાથે કામ લેવું હોય તો 'એ મારી સાસુ, ને હું એની વહુ' એમ કરીને કામ લેવાનું. 'વહુ નવી નવી આવી ને મારી વાત સાંભળતી નથી!' રાખીશું તો પટ્ટા તૂટશે. પોતાને મોટા માન્યા એટલે સામાને આપણી બુદ્ધિનો તાપ લાગે. હંમેશા માન કેવું, હું બીજા કરતા મોટો, એટલે બીજાને દુઃખ આપે, કચડી નાખે. હું લઘુતર છું, લઘુતમ એટલે મારા કરતા બધા મોટા. એમ નાના થઈને રહીએ તો પટ્ટા તૂટે જ નહીં લોકો સાથે.

લોકોને માનભેર રાખેલા તો માન આવશે, અપમાન આપેલા તો અપમાન આવશે. હિસાબ પૂરો થાય છે. નવું બાંધીએ નહીં તો હિસાબ પૂરો થશે. આપણે પોતે માનના સ્વરૂપને ઓળખી શકતા નથી. કંઈક ભોગવટો આવ્યો ત્યારે પકડવાનું કે આ હું અક્કલવાળો છું માન્યતા હતી એટલે અપમાન લાગ્યું. માન્યતા છૂટી તો ભોગવટો મટી જાય. 'હું સારો છું', માન્યતા બહુ દુઃખ આપે. એ બધા પ્રકારનો અહંકાર એ માનનું સ્વરૂપ છે. અપમાન એ અહંકારને ઓગાળી આપે છે. કોઈ વ્યક્તિ તરફથી બાર અપમાન લખેલા હોય, તો બાર આવે ને હિસાબ ચોખ્ખો થઈ જાય. પછી સામેથી કહો તોય અપમાન આપશે નહીં.

આપણા જીવનનો અંતિમ ધ્યેય, બધી અજ્ઞાન માન્યતાઓ બ્લંડર કે મિસ્ટેક રૂપે ઉભી થઈ તે ખલાસ થાય, અને મૂળ સ્વરૂપમાં નિરંતર રહેવાય. દાદાભગવાનની પાંચ આજ્ઞા પાળીએ તો કષાયો ઊભા ના થાય, અને ટેસ્ટેડ કહેવાય. દાદાશ્રી કહે અમને નવ વખત ગાડીમાંથી ઉતારી પાડે, નવ વખત બોલાવે તોય અપમાન ના લાગે, પરમાણુ ય હલે નહીં અંદર. ધારો કે, આપણને ગાડીમાં બેસાડે, થોડે સુધી જઈને કહે કે 'તમે નહીં આવો તો ચાલશે, બીજાને લઈ જવા છે' એટલે તમે ગાડીમાંથી ઊતરી જાઓ. પછી પાછા બોલાવે કે, 'બીજાને બેસાડવા છે, તમે ઉતરી જાઓ ને!' એટલે ફરી તમે ઉતરી જાઓ. પાછું ફરી બોલાવે, ફરી ઉતારે. એવું નવ વખત કરે તો કેટલી વખતમાં આપણી કમાન છટકે? જ્ઞાન જેમ જેમ પરિણામ પામે તેમ કમાન છટકવી ના જોઈએ. એવું દરેક બાબતમાં ટેસ્ટેડ થવું જોઈએ. જેમ કે, તમને કહે જમવાનું જલ્દી કરો. આપણે ઝડપથી તૈયારી કરી, પછી કહે 'હમણાં નહીં પછી આવું'. આપણે વાઈન્ડ અપ કરીએ ત્યાં કહે, 'ના ના હમણાં કરી નાખો પછી કામ કરીશ.' આપણે ફરી બધું પીરસીએ. ત્યારે કહે, 'રહેવા દો ને પછી કરીશ'. કમાન ન છટકે તો ટેસ્ટેડ થયું કહેવાય.

ત્યાગ કરવાનો હતો અહંકાર મમતાનો. વસ્તુઓ તો અનંત છે, કેટલાનો ત્યાગ કરીએ?

આ બધા અસરો કષાયો, બધાથી મુક્ત થઈ નિરંતર સમાધિ દશામાં રહેવાય. ગમે તે બન્યું, જ્ઞાનથી સોલ્વ કરી નાખ્યું. કોઈ કહે કે, 'તમારા લોકો આવા છે, તમારી જાતિ આમ'. ત્યાં દેહની સ્થિતિને 'હું છું' માને છે, તેને કારણે અપમાન લાગે છે. પૂજ્ય નીરુમાને લોકો કહેતા કે 'તમે સ્ત્રી છો'. તો નીરુમા કહેતા કે 'હું સ્ત્રી છું' માન્યું એટલે આ અપમાન લાગે છે. આમ ભરેલા માલ પ્રમાણે, માલનો નિકાલ થવા માટે સંજોગો ઊભા થશે. હડહડતું અપમાન આવશે. ત્યારે નિકાલ કરો.

દરેક કામમાં ખૂબ વિલંબ થાય છે એ સમસ્યાનું કારણ દર્શાવતા પૂજ્યશ્રીએ કહ્યું કે, ચીકણા કર્મો હોય તો મોડું થાય. જેમ, મગનો દાણો વાવો તો ત્રણ મહીને મગની શીંગો આવે. અને તુવેરનો દાણો વાવો તો નવ મહીને તુવેરની શીંગો આવે.

ત્રિમંદિર, એક એવું મંદિર છે જેમાં સીમંધર સ્વામી ભગવાન છે. આ બાજુ શિવભગવાન, પાર્વતીજી, ગણેશજી, નંદી બધા જ છે. શ્રીકૃષ્ણ ભગવાનના મંદિરમાં તિરુપતિ બાલાજી, ગરુડજી, શ્રીનાથજી બધા છે. આમ એક જ મંદિરમાં ત્રણે મંદિરોની સ્થાપના કરી છે. એટલે દાદાશ્રીએ એનું નામ ત્રિમંદિર પાડ્યું.

'દુઃખ એ આત્માનું વિટામિન છે, સુખ એ દેહનું વિટામિન છે.' દુઃખ આવે તો પછી સંસારનો મોહ ઊતરતો જાય. પછી આત્મા તરફ જાય એટલે આત્મા માટે વિટામિન થયું. અને સુખ આવે એટલે સંસાર તરફ વધારે જાય. ભાવતું આવે તો વધારે ખવાઈ જાય ને. મીઠું લાગે છે, ગમે છે એટલે વૃત્તિઓ એ બાજુ લપસતી જાય.

'સર્વે દુઃખોથી મુક્તિ શી રીતે થાય એ જાણવા માટે જીવન ગાળવાનું છે' નો અર્થ સમજાવતા કહ્યું કે, અણસમજણ માત્રથી દુઃખો છે. ઊંધી સમજણ છૂટી જશે તો દુઃખ મટી જશે એની ગેરંટી. સાચી સમજણ પ્રાપ્ત કરવા માટે આ જીવન છે.

આપણા પુણ્ય હોય તો દુશ્મન મિત્રની જેમ હેલ્પ કરે. અને પાપનો ઉદય હોય તો મિત્ર પણ દુશ્મન બની જાય. માટે કોઈનો દોષ જ નથી, અક્ષરેય નેગેટીવ ચર્ચા કરવા જેવી નહીં.

**દુઃખ એ આત્માનું વિટામિન છે, સુખ એ દેહનું વિટામિન છે**

### ૨૬ નવેમ્બરના સવારે ૮ વાગ્યાથી પૂજન, કિર્તન, ભક્તિ સાથે પરમ પૂજ્ય દાદા ભગવાનના જન્મદિનની ઉજવણી

# જોવા જેવી દુનિયામાં આજે આત્માનો સાક્ષાત્કાર


**સાધારણ જીવન જીવતા અંબાલાલ પટેલમાંથી જ્ઞાની પુરુષ સુધીની સફરનો થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગ શો**

**રોજના હજારો લોકોને ભોજન પૂરું પાડતી ભોજન શાળા અને સ્વાદિષ્ટ વ્યંજનો પૂરા પાડતી ફૂડકોર્ટ**

**ચિલ્ડ્રન પાર્કમાં બાળકોને જીદ સામે સમજણ આપતો પપેટ શો સહિતના શ્રેણીબધ્ધ કાર્યક્રમો**







અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અમરેલીમાં ઉજવાઈ રહેલ પુ. દાદા ભગવાનના જન્મોત્સવ નિમિત્તે આજે તા. ૨૫ના બપોરે ૩:૩૦ થી ૭ વાગ્યે આત્મજ્ઞાની પુ. શ્રી દિપકભાઈના સાનિધ્યમાં જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાશે.

જોવા જેવી દુનિયા એટલે દાદા ભગવાન નગરીમાં અનેક આકર્ષણો દ્વારા જીવન જીવવાની સાચી સમજણ અપાઈ રહી છે જો લોકો તે પ્રમાણે ચાલે તો કોર્ટ કચેરી બંધ થઈ જાય અને રામ રાજ્ય જેવો માહોલ થાય અની થીમ પાર્કમાં, વિક્રમ વેતાળ એટલે રોબોટીક્સ અને નાટકના સમન્વય થી માન વધર્મનો સાચો અર્થ સમજાવતો મનોરંજક શો. એ.એમ. પટેલ ટુ દાદાભગવાન શો એટલે સાધારણ જીવન જીવતા અંબાલાલ પટેલમાંથી જ્ઞાની પુરુષ સુધીની સફર દર્શાવતો થ્રી - ડી પ્રોજેક્શન મેપિંગ શો. તેમજ પેરન્ટ્સ કી પાઠશાલા શો એટલે આદર્શ મા-બાપની ડીગ્રી મેળવવા માટેનો એક નાનકડો અભ્યાસ ક્રમ. ચિલ્ડ્રન પાર્કમાં બાળકોને જીદ સામે સમજણ આપતો પપેટ શો, એડજસ્ટમેન્ટ લેવાની પ્રેક્ટિકલ સમજણ આપતો ટોટલ એક્સપીરીયન્સ શો, ટેલેન્ટ પ્રદર્શનનું પ્લેટફોર્મ આપતું એમ્ફીથીયેટર અને માતા-પિતાના આશીર્વાદનું મહત્વ દર્શાવતી યુ-ટુર્ન ફિલ્મનો સમાવેશ થાય છે.

અહી રોજ હજારો લોકોને રોજ ભોજન પૂરું પાડતી ભોજનશાળા અને સ્વાદિષ્ટ વ્યંજન પૂરા પાડતા ફૂડકોર્ટ પણ અહીં જોવા મળે છે.

આ મહોત્સવમાં આજે તા. ૨૫ નવેમ્બરના રોજ આત્મ-સાક્ષાત્કારના બે કલાકના પ્રયોગ જ્ઞાનવિધિનું ૩:૩૦ વાગ્યે આયોજન થયું છે. ૨૬ નવેમ્બરના રોજ સવારે ૮ વાગ્યાથી પૂજન, કિર્તન, ભક્તિ સાથે પરમ પૂજ્ય દાદા ભગવાનના જન્મદિનની ઉજવણી થશે. જીવનને આનંદથી ભરપૂર કરતા આ મહોત્સવની મુલાકાત લેવાનું ચૂકશો નહીં!

### મહોત્સવમાં શ્રી વિમલભાઈ મહેતાના લોકડાયરાનો કાર્યક્રમ યોજાયો

## પૂજયશ્રીનું જ્ઞાન લીધા પછી જીવન જીવવાનો અભિગમ જ બદલાઈ ગયો : શ્રી વિમલ મહેતા

**માતા-પિતાના અંતિમ સમયમાં દિલથી સેવા થઈ, તેમના ખૂબ આશીર્વાદ મળ્યા**



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અમરેલીમાં ઉજવાઈ રહેલ પુ. દાદા ભગવાનના જન્મોત્સવ નિમિત્તે ૨૩ નવેમ્બરના રોજ આ મહોત્સવમાં અમરેલીના ઘરેણા એવા વિખ્યાત લોક સાહિત્યકાર અને ગાયક શ્રી વિમલભાઈ મહેતાના ડાયરાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

વિમલભાઈએ પણ પોતાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે જ્ઞાન લીધા પછી તેમનું ઘર સ્વર્ગ જેવું બની ગયું છે.

જીવનની તમામ ચડતી-પડતીમાં પણ પરિવારમાં કોઈ પ્રકારના કલેશ વિના સમય પસાર થઈ ગયો, માતા-પિતાના અંતિમ સમયમાં દિલથી સેવા થઈ, તેમના ખૂબ આશીર્વાદ મળ્યા અને જીવન જીવવાનો અભિગમ જ બદલાઈ ગયો. પોતાના જીવનમાં સુખ-શાંતિનો શ્રેય પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાનને આપતા શ્રી વિમલભાઈએ ડાયરામાં સૌને ૨૫ નવેમ્બરના રોજ જ્ઞાન મેળવવા અનુરોધ પણ કર્યો હતો.

### દાદા ભગવાન નગરીમાં થીમ પાર્કનું મુખ્ય આકર્ષણ અને

## રોજીંદા વ્યવહારમાં ઉભા થતાં માન, અહંકાર સામે જાગૃત કરતી મનોરંજક શોર્ટ ફિલ્મ "સાઇરન"

**રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ મહોત્સવના શુભારંભના દિવસે સાઈરન શો નિહાળી પ્રભાવિત થયેલ**

અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અમરેલીમાં લીલીયા રોડ ઉપર સ્થિત ત્રિમંદિરના પ્રાંગણમાં, ૨૫ લાખ ચોરસ ફૂટના વિસ્તારમાં પથરાયેલો છે તેવો પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતિ મહોત્સવ ૨૨ નવેમ્બરથી ૨૮ નવેમ્બર સુધી આયોજિત થયો છે. આ મહોત્સવમાં રોજ સાંજે ૪ થી ૧૦ દરમિયાન ચાલતા થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્કમાં અનેક મલ્ટીમીડિયા શોનું આયોજન થયું છે. જેમાં જીવન વ્યવહારને સુખમય અને સરળ બનાવતી ઉમદા સમજણ મળે છે.



થીમ પાર્કનું મુખ્ય આકર્ષણ છે સાઈરન ડોમ, જેમાં રોજીંદા વ્યવહારમાં ઉભા થતાં માન, અહંકાર સામે જાગૃત કરતી મનોરંજક શોર્ટ ફિલ્મ સાઈરન બતાવવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ મહોત્સવના શુભારંભના દિવસે સાઈરન શો જોયો હતો. જીવનમાં ડગલે ને પગલે ઉભા થતા માન સામે મળતી ઉપયોગી સમજણ આમતે અહોભાવ વ્યક્ત કર્યો હતો. પરમ પૂજ્ય દાદા ભગવાન દીક્ષિત અને પૂજ્ય નીરુમાના આશીર્વાદ પામેલા પૂજ્યશ્રી દીપકભાઈએ પણ સાઈરન ફિલ્મનો ઉલ્લેખ કરતા એક સત્સંગમાં સમજાવ્યું હતું કે, જેમ તમાકુવાળું પાન દેહના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, તેમ માન એ આત્માના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. અપમાનના દુઃખોમાં અહંકાર ભગ્ન થતા વ્યક્તિ કે સંજોગો છોડીને ભાગી જવાની પેરવીમાં હોય છે, તેની સામે પૂજ્યશ્રીએ સમજણ આપતા કહ્યું કે કુદરતનો નિયમ છે, જેટલો અહંકાર ઉભો થાય એને મારમાર કરીને ખલાસ કરી નાખે. કુદરત ફટકા મારીને આત્મામાં ખસેડે છે, કોઈ નિમિત્ત મારફતે. પણ આપણને કુદરતની ભાષા સમજાતી નથી.

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેક્શન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુઠી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

પાંજરાપોળ ગૌશાળા અમરેલી
ગૌશાળામાં રહી શકે તેવા મેતાજીની જરૂર છે
અનુભવીની પ્રથમ પસંદગી, રહેવાની સગવડતા આપવામાં આવશે
રસ ધરાવનાર વ્યક્તિએ પોતાના સ્વહસ્તાક્ષરમાં તા.૫-૧૨-૨૦૨૩ સુધીમાં અરજી આપવી.
ગૌશાળામાં કામ કરી શકે તેવા કુલ ૧૨ થી ૧૪ માણસો જોઇએ છે
ગૌશાળાના પાંજરાપોળના ૮૦૦ થી ૮૫૦ પશુઓ માટે નિરણ, વાસીદુ તેમજ ફક્ત ૩૫ થી ૪૦ ગૌમાતા દોવાના હોય, પાણીના અવેડા, માંદા ઢોરની કાળજી, નિરણ કટીંગ વિગેરે ગૌશાળાને લગતુ કામ કરવાનું હોય તે કામ કોન્ટ્રાક્ટ સિસ્ટમથી આપવાનું હોય તો તા.૫-૧૨-૨૦૨૩ સુધીમાં અરજી આપવી અથવા રૂબરૂ મળવુ. રહેવાની સગવડતા આપવામાં આવશે.
ઓફીસ એડ્રેસ : પાંજરાપોળ ગૌશાળા
પાણી દરવાજા પાસે, ભગવતી સ્વીટની બાજુમાં, અમરેલી મો.૭૯૮૪૫ ૩૪૫૨૨
દિલીપભાઇ પરીખ    વસંતભાઇ પોકળ    મુકુંદભાઇ ગઢીયા

॥ અતિથી દેવો ભવ ॥
Avadh HERITAGE "One step close to paradise"
સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું
કે.બી.ગ્રૂપ
અવધ હેરિટેજ રિસોર્ટ
શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે
ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
એસી બેંકવેન્ટ હોલ - કલબ હાઉસ કોટેજ
સ્વીમીંગપુલ
ડીસ્કોથેક
ઇનડોર ગેમ, જીમ - સિનેમા
પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડીયન, કોન્ટીનેન્ટલ, હોટ કોલ્ડ બેવરેજીસ
દેશ વિદેશમાં ધુમ મચાવનાર
અવધ શાહી દરબાર રેસ્ટોરન્ટ

અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૫-૧૧-૨૦૨૩ શનિવાર

# ભારત સરકાર પેલા નિજ્જરની જેમ જ આ પન્નુનને પતાવી દે તૌ એમાં ખોટું શું છે?

કેનેડામાં ખાલિસ્તાનવાદી આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલે ભારત અને કેનેડાના રાજદ્વારી સંબંધો વણસેલા છે જ ત્યાં હવે અમેરિકામાં ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાનો નવો ડખો ઊભો થયો છે. અમેરિકાના મીડિયામાં આવેલા રિપોર્ટ પ્રમાણે, અમેરિકામાં ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના ષડયંત્રને નિષ્ફળ બનાવાયું હતું અને આ મુદ્દે અમેરિકાએ ભારતને ચેતવણી પણ આપી હતી.

બ્રિટિશ અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં છપાયેલા અહેવાલ મુજબ, અમેરિકાની સરકારે ભારત પર પન્નુનની હત્યાના ષડયંત્રમાં સામેલ હોવાનો આક્ષેપ મૂકીને ભારતને ચેતવણી પણ આપી હતી કે, ભારત અમેરિકાની ધરતી પર આ પ્રકારનાં ઓપરેશન કરવાથી દૂર રહેવાની ચેતવણી આપી હતી.

આ ઘટના ક્યારે બની તે રિપોર્ટમાં સ્પષ્ટ નથી પણ એવો ઉલ્લેખ ચોક્કસ છે કે, મોદી આ વરસના જૂનમાં અમેરિકા ગયા એ પછી અમેરિકાએ આ મુદ્દે ભારત સામે વિરોધ નોંધાવીને ભારતને ચેતવણી આપી હતી. પન્નુનનું અમેરિકામાં એક કાર અકસ્માતમાં મોત થયાના સમાચાર બે મહિના પહેલાં આવ્યા હતા પણ પન્નુને વીડિયો બહાર પાડીને પોતે જીવતો હોવાનું જાહેર કર્યું હતું. આ કહેવાતા કાવતરાને આ ઘટના સાથે લેવાદેવા હોવાની શક્યતા નકારી ના શકાય.

અલબત્ત, હરદીપસિંહ નિજ્જરની આ વરસના જૂનમાં કેનેડામાં બે હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી નાંખી હતી. નિજ્જર ગુરદ્વારાની બહાર પોતાની કારમાં બેસવા જતો હતો ત્યારે તેને પતાવી દેવાયેલો. આ અહેવાલ પ્રમાણે મોદીની જૂનની અમેરિકાની યાત્રા પછી અમેરિકાએ ભારતને ચેતવણી આપેલી એ જોતાં નિજ્જરની હત્યાની આસપાસ જ પન્નુનને પતાવી દેવાનું પ્લાનિંગ કરાયેલું એવું આડકતરી રીતે કહેવાયું છે.

આ રિપોર્ટ પ્રમાણે પન્નુનની હત્યાના કાવતરાના કેસમાં એક આરોપી સામે ન્યૂ યોર્ક ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે અને સીલબંધ કવરમાં આરોપીનું નામ કોર્ટને અપાયું છે. આ આરોપી કોણ છે અને શું આરોપ છે તે કવર ખોલ્યા બાદ જ ખબર પડશે એવો દાવો પણ કરાયો છે. સાથે સાથે એવો દાવો પણ કરાયો છે કે, આ કેસ સાથે સંકળાયેલા અધિકારીઓએ આપેલી માહિતી પ્રમાણે કોર્ટમાં અપાયેલી વિગતો પ્રમાણે અમેરિકી સત્તાવાળાઓએ અમેરિકાની ધરતી પર એક શીખ અલગતાવાદી નેતા પન્નુનની હત્યા કરવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે.

કોર્ટમાં એવો દાવો પણ કરાયો છે કે આ ષડયંત્ર ભારત દ્વારા રચવામાં આવ્યું હતું અને ભારતના એજન્ટો પન્નુનને નિશાન બનાવવાના હતા પણ એ પહેલાં અમેરિકાને ખબર પડી જતાં આ કાવતરું સફળ ના થયું. આ રિપોર્ટ પ્રમાણે અમેરિકા. યુકે, સ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડાના બનેલા ઈન્ટેલિજન્સ શેરિંગ નેટવર્ક ફાઈવ આઈઝમાં કેનેડા સહિતના દેશોએ આપેલી માહિતીના આધારે પન્નુનની હત્યાનું કાવતરું ઘડાયું હતું તેની ખબર પડી હતી. આ રિપોર્ટમાં બીજી પણ ઘણી વાતો છે પણ ભારતની સંડોવણી છે એવું કઈ રીતે કહી શકાય તેની વિગતો નથી. આ મામલે અમેરિકાની સરકારે ક્યારે ચેતવણી આપી હતી તેની વિગતો પણ નથી એ જોતાં આખી વાત અધ્ધરતાલ હોવાની શક્યતા નકારી ના શકાય.

ના અમેરિકાએ ભારતને કોઈ ચેતવણી આપી હોવાની વાત કરી છે કે ના ભારતે પોતે આવી ચેતવણી મળી હોવાની વાત સ્વીકારી છે એ જોતાં આ આખો રિપોર્ટ ટેબલ સ્ટોરી એટલે કે કોઈએ ટેબલ પર બેઠાં બેઠાં ભેજું કસીને લખી નાંખેલી કાલ્પનિક વાતો વધારે લાગે છે. અમેરિકાએ ભારતને રાજદ્વારી ચેતવણી આપી હોય તો તેને લગતા પુરાવા હોય જ પણ એવો કોઈ પુરાવો પણ નથી તેના કારણે આ શક્યતા વધારે પ્રબળ બને છે.

પન્નુન સાથે પણ આ અખબારે વાત કરી પણ પન્નુને પોતે પણ એવું નથી કહ્યું કે અમેરિકન એજન્સીઓએ તેને તેની હત્યાના ષડયંત્રની જાણકારી આપી હતી. પન્નુને ગોળ ગોળ વાતો કરીને એવું કહ્યું છે કે, અમેરિકન સરકાર જ મને અમેરિકન ધરતી પર મારવાના ષડયંત્રનો જવાબ આપે એમ હું ઈચ્છું છું.

પન્નુને એવું ડહાપણ પણ ડહોળ્યું છે કે, અમેરિકાની ધરતી પર અમેરિકાના નાગરિકની હત્યાનું કાવતરું ઘડાય એ અમેરિકાના સાર્વભૌમત્વ સામે એક પડકાર છે અને મને વિશ્વાસ છે કે બાઈડન સરકાર આવા કોઈપણ પડકારનો સામનો કરી શકે છે.

પન્નુને પોતે પણ ક્યાંય પોતાની હત્યાનું કાવતરું ઘડાયેલું એવું તો કહ્યું નથી. પન્નુન અમેરિકા અને કેનેડાની એમ બે દેશોની બેવડી નાગરિકતા ધરાવે છે તેથી તેની હત્યાનું કાવતરું ઘડાયું હોય તો કેનેડા કેમ ચૂપ છે એ પણ સવાલ છે.

આ રિપોર્ટ સાચો લાગે એટલે એમાં એવો દાવો કરી દેવાયો છે કે, યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ હાલમાં ચર્ચા કરી રહ્યું છે કે આ સીલબંધ કેસને હવે ખોલવો જોઈએ અને પન્નુનની હત્યાના કાવતારાના કેસમાં મૂકાયેલા આરોપોને લોકો સામે મૂકવા જોઈએ. જો કે જસ્ટિસ ડિપોર્ટમેન્ટ આતંકવાદી નિજ્જરની હત્યાની તપાસ પૂરી થઈ જાય પછી આરોપોની વિગતો જાહેર કરવા માગે છે એવો દાવો પણ કરાયો છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર જૂનમાં કેનેડામાં માર્યો ગયો હતો અને કેનેડાએ તેની હત્યા બદલ ભારત પર દોષારોપણ કર્યું છે પણ ભારતે આ આક્ષેપને ફગાવી દીધો છે.

આ રિપોર્ટનાં છિંડાં જોયા પછી અમેરિકાએ ભારતને ચેતવણી આપી એ વાતમાં કેટલો દમ છે એ જ શંકાસ્પદ છે પણ અમેરિકાએ ભારતને ચેતવણી આપી હોય તો પણ એક, બે ને સાડા ત્રણ.

ભારતે આ ચેતવણીને ના ગણકારવી જોઈએ ને કેનેડા સામે લીધું હતું એવું આકરું વલણ જ લેવું જોઈએ. કેમ કે પન્નુન સંત-મહાત્મા નથી. એ ભારતે જાહેર કરેલો આતંકવાદી છે ને ભારતના ટુકડા કરીને ભારતના સાર્વભૌમત્વ સામે ખતરો ઊભો કરવા મથી રહ્યો છે. અમેરિકાને પોતાના નાગરિકની ચિંતા હોય તો ભારતને પણ પોતાની ચિંતા કરવાનો અધિકાર છે જ એ જોતાં ભારત પન્નુનને પાડી દેવા મથતું હોય તો તેમાં કશું ખોટું નથી. ખાલિસ્તાનવાદીઓ અમેરિકા, કેનેડા કે દુનિયાના બીજા દેશોમાં બેઠાં બેઠાં ભારતના ભાગલા કરવાની વાતો કરે ને ભારત ચૂપચાપ બેસી રહે એવું બની ના શકે.

### સીમેન્ટનો પોલ તોડી નાખતા ઠપકો આપતા
## રાજુલાના નીંગાળા-૧ ગામે પ્રૌઢ ઉપર હુમલો
### બે શખ્સોએ ફોરવ્હીલમાં આવી મારમારી રૂા.૩૫૦૦ની લુંટ ચલાવી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
રાજુલા તાલુકાના નીંગાળા-૧ ગામે ક્રિષ્ના રોડલાઈન્સના ગોડાઉનમાં દેવકા ગામના વાલાભાઈ કાબાભાઈ વાઘ ઉ.વ.૫૦ ચોકીદાર તરીકે નોકરી કરતા હોય. સવારના ૧૦ વાગ્યે લાલા જીકારભાઈ વાઘ, લખમણ મુળુભાઈ વાઘ રહે. રામપરાવાળાના માણસો મહેશ તથા સુમરાભાઈનું જેસીબી ચાલતું હોય. જેઓએ સીમેન્ટનો પોલ તોડી નાખતા બંનેને ઠપકો આપેલ હોય. તેનું મનદુખ રાખી રાત્રિના ૮:૦૦ કલાકે લાલા જીકારભાઈ તેમજ લખમણ મુળુભાઈ વાઘ સ્કોરપીયો ફોરવ્હીલમાં ગોડાઉને આવી ગાળો બોળી ઢીકાપાટું અને લોખંડના સળીયા વડે હાથેપગે તથા કમરના ભાગે મુંઢ ઈજાઓ કરી ખીસ્સામાંથી રોકડ રૂ/-૩૫૦૦ની લુંટ ચલાવી ધમકી આપ્યાની મરીન પીપાવાવ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના ટીંબી હાઈવે રોડ ઉપર ટ્રક બાઈક વચ્ચે અકસ્માત : એક મહિલાનું મોત
### બાઈક સાથે ભટકાવી પત્નિને પગમાં ફ્રેક્ચર કરી પતિને હાથે પગે ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે ભાવનગર ઉના હાઈવે રોડ ઉપર પેટ્રોલપંપની સામે હિંમતભાઈ કાળાભાઈ પરમાર ઉ.વ.૪૩ રહે ટીંબી અને તેના પત્નિ સોનલબેન તથા હિંમતભાઈના માસી સવિતાબેન ત્રીપલ સવારી બાઈકમાં ટીંબીથી સામેતર ગામે માતાજીના દર્શન કરવા જતા હતા.

તે વખતે ભાવનગર -ઉના હાઈવે ટીંબી ગામના પેટ્રોલપંપની સામે આવતા હાઈવે રોડ ઉપર હિંમતભાઈ બાઈકમાં પેટ્રોલ પુરાવવા જવા હાથનો ઈશારો કરી બાઈક વાળેલ હતું તે દરમ્યાન ટ્રક નંબર જી.જે. ૧૨ ડી.વાય. ૭૯૮૭ ના ચાલકે પુરઝડપે અને માનવજીંદગી જોખમાય તે રીતે બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી હિંમતભાઈને શરીરે પીઠના ભાગે તેમજ હાથે પગે ઈજાઓ કરી પત્નિ સોનલબેનને જમણા પગમાં ફેક્ચર કરી હિંમતભાઈના માસી સવિતાબેનનો ઘટના સ્થળે મોત નિપજાવ્યાની નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી શહેર-જીલ્લામાં ૧૦મી ડિસેમ્બરે પોલીયો રસીકરણ અભિયાન યોજાશે
### શુન્ય થી પાંચ વર્ષનાં બાળકોને બે ટીપા પીવડાવવા આરોગ્ય તંત્રનું આયોજન



અમરેલી,
એસએનઆઈડી અંતર્ગત તા. ૧૦ ડિસે. ૨૦૨૩ થી અમરેલી જીલ્લામાં પોલીયો રસીકરણમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો રસીના બે ટીપા પીવડાવી પોલીયોના રોગથી રક્ષિત કરવામાં આવશે. ઉપરોકત કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય શાખા જીલ્લા પંચાયત અમરેલીમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા કક્ષાના આરોગ્ય અધિકારીઓ, મેડીકલ ઓફીસર ઉપસ્થિત રહયા હતા.

અને આગામી આવનારા પોલીયો રાઉન્ડ વિશે તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડબલ્યુ એચઓના સીનીયર મેડીકલ ઓફીસર હાજર રહયા હતા. અને માર્ગદર્શન તેમજ તાલીમ આપી હતી.

# સાવરકુંડલાના ગણેશગઢ અને રાજુલાના ધુડીયા આગરીયામાં મોબાઈલ ચોરાયાં
### સાવરકુંડલા અને રાજુલામાં અલગ અલગ ફરિયાદો નોંધાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના ગણેશગઢ ગામની સીમમાં દિપકભાઈ મગનભાઈ બારૈયાએ ભાગવી રાખેલ વાડીમાં ટ્રેક્ટરની પેટી ઉપર રાખેલ વન પ્લસ મોબાઈલ રૂ/-૧૯,૦૦૦ ની કિંમતનો ભુલી ગયેલ હોય અને હસુભાઈ રોહિતભાઈ બાવાજી તે ટ્રેક્ટર લઈ વાડીએથી ગામમા જવા નીકળેલ.

ત્યારે મોબાઈલ ટ્રેક્ટરમાંથી પડી જતા કોઈ ચોરી ગયાની સાવરુકુંડલા રૂરુલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે રાજુલાના ધુડીયા આગરીયા ગામે ભુપતભાઈ દુલાભાઈની દુકાન પાસે બાકડે બેસી મજુરીના પૈસા આપી બાઈક લઈ નવા આગરીયા રોડે પહોંચતા લાલજીભાઈ પોપટભાઈ કાતરીયાનો મોબાઈલ પેન્ટના ખીસ્સામાંથી કયાંક પડી જતા ઓપો કંપનીનો રૂ/-૮૯૯૦ ની કિંમતનો કોઈ ચોરી કરી ગયાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# હિપાવડલીમાં લટુરીયા હનુમાન મંદિરે વિનામુલ્યે નિદાન સારવાર કેમ્પ યોજાયો
### આશ્રમમાં આધુનિક લેબોરેટરીનું લોકાર્પણ કરાયું

અમરેલી, હિપાવડલીના સુપ્રસિધ્ધ લટુરીયા હનુમાનજી આશ્રમના મહંત અને મહામંડલેશ્વર જસુબાપુ ગુરૂશ્રી જમનાદાસબાપુના સાનિધ્યમાં છેલ્લા બે દાયકા ઉપરાંતથી અનેક પ્રકારનો સેવાયજ્ઞ ચાલી રહયો છે. તેના ભાગરૂપે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો હતો. તેવા સમયે આશ્રમમાં ચાલતી સેવાકીય પ્રવૃતિઓની યશકલગીમાં એક વધારો થવા પામેલ છે. પુ. જસુબાપુ દ્વારા આસપાસના ગામોના જરૂરીયાતમંદ લોકોને નિઃશુલ્ક નિદાન થઈ શકે તે માટે આશ્રમમાં આધુનિક લેબોરેટરીનું લોકાપર્ણ કરાયું હતું. આ લેબોરેટરીમાં જુદા જુદા ૨૩ જેટલા રોગોનું પરીક્ષણ થશે. નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમા અગ્રણી આગેવાનો અને ઉધોગપતિઓ તેમજ સેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### તાલુકા હેલ્થ ઓફીસર અમરેલી દ્વારા
# ચિતલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન ભવ: કાર્યક્રમ અંતર્ગત સર્વરોગ કેમ્પ યોજાયો
### શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનાં સહયોગથી આયોજન




અમરેલી,
સામુહિક આરોગ્ય કેન્દ્ર ચિતલમાં સરકારશ્રીના આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ અમરેલી શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલના સહયોગથી ચિતલમાં સવારના ૯:૦૦ થી ૧:૩૦ કલાક સુધી કેમ્પનું આયોજન તાલુકા હેલ્થ ઓફીસર અમરેલીના ડો. રાજીવકુમાર સિન્હાના નેજા હેઠળ ડો. ધર્મેશ પી. ગાંધી અધિક્ષક સામુહિક આરોગ્ય કેન્દ્ર ચિતલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું દિપ પ્રાગટય કરી સુરેશભાઈ કે. પાથર ઉપપ્રમુખ જીલ્લા પંચાયત અમરેલી, રઘુવીરસિંહ સરવૈયા, ઉપસરપંચ ચિતલ, જયસુખભાઈ દેસાઈ અગ્રણી ઉધોગપતિ તેમજ ડો. સેજલબેન રામાવત દંતસર્જન દ્વારા કરવામાં આવેલ. આમંત્રિત મહેમાનો અને તજજ્ઞ ડોકટરશ્રીઓનું અભિવાદન મનસુખભાઈ નાડોદા દ્વારા કરવામાં આવેલ. ચિતલ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તાના દર્દીઓએ બહોળી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો. શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના સ્ત્રી રોગ, બાળરોગ, ફીજીશીયન, ઓર્થોપેડીક, કાન -નાક ગળા, જનરલ સર્જન, ફેફસા અને ટીબી, માનસિક રોગ, ચામડી રોગના નિષ્ણાંત તબીબોએ સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડો. ડી.પી. ગાંધી તેમજ લીખીત એમ. જોગી અને હોસ્પિટલના સ્ટાફ દ્વારા સહયોગ સાંપડયો હતો.

# સાવરકુંડલાના થોરડી ગામે ભ્રષ્ટાચારના આક્ષેપો
### સરપંચે પોતાના ઘર બાજુ ગટર અને બ્લોક બનાવી બીલ બનાવી ભ્રષ્ટાચાર કર્યો



થોરડી, (રસુલભાઈ)
સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે સરપંચે પોતાના ઘર બાજુ ગટર અને બ્લોક પાથરી અનેક બીલ બનાવી ભ્રષ્ટાચાર આચરેલ છે.

ગટર લાઈન નાખી ખાલી ગટરમાં ભુંગળા ફીટ કરીને બીલ બનાવેલ છે. ગટર લાઈનમાં એકપણ કનેકશન આપેલ નથી. તપાસ અધિકારી પણ આમા સામેલ છે. તેવું ગામ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્ટ્રીટ લાઈટનું રીપેરીંગ બીલ છે. પણ લાઈટો થાભલા પર નથી અને થોરડી ગામમાં હાલમાં રોત્રિના અંધારા હોવાથી સિંહ, દીપડા તેમજ ચોર લોકોનો ગ્રામજનોને ભય સતાવી રહયો છે. માટે નીડર અધિકારી તપાસ કરે તો અનેકને રેલો આવે તેમ છે.

# જુનાગઢમાં ફરિયાદ સંકલન સમિતિની બેઠક યોજાઇ
### ધારાસભ્ય શ્રી કોરડીયા દ્વારા પ્રજાલક્ષી વિકાસનાં ૪૮ પ્રશ્નો રજુ કર્યા

જુનાગઢ, (હિતેષ પારેખ)
જુનાગઢમાં ફરિયાદ સંકલન સમિતિની તા.૧૮-૧૧નાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જિલ્લાનાં સર્વાંગી તેમજ પ્રજાલક્ષી વિકાસનાં ૪૮ પ્રશ્નો રજુ કર્યા હતાં.
જે અગાઉનાં પ્રશ્નોનાં સંદર્ભમાં સૌથી વધુ પ્રશ્નો મુકવામાં આવ્યાં હતાં. જેના નિકાલ માટેની ચર્ચા લાંબા સમય સુધી બેઠકમાં ચાલી કલેકટરશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં અનેક મહત્વનાં પ્રશ્નોની છણાવટ તથા તે અંગેની કામગીરી કરવાની સુચનાઓ જારી કરવામાં આવી હતી.

# અમરેલીના ગુજસીટોકના ગુનામા બે કાઠી શખ્સો અને સોનુ ડાંગરને જામીન પર છોડવા ગુજ. હાઈકોર્ટનો હુકમ
### ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરેલી તેથી અરજી મંજુર કરાઇ

અમરેલી,
અમરેલીમાં વર્ષ ૨૦૨૦ મા સરકાર દ્વારા એસ.પી. નિલિપ્તરાયની નિમણુંક કરવામાં આવેલ અને તેમના દ્વારા અમરેલીના માથાભારે શખ્સો તથા ડિસ્ટ્રીસીટર તેમજ અનેક ગુનામા સંડોવાયેલા આરોપીઓ શીવરાજ રામકુભાઈ વીંછીયા, સોનુ ડાંગર, નરેન્દ્ર ઉર્ફે, નટુભાઈ ખુમાણ, ગૌતમ નાજકુભાઈ ખુમાણ સામે ગુજસીટોકના કાયદા હેઠળ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ. જેમાં તમામ આરોપીઓના ગુનાઓ દર્શાવવામાં આવેલ. જેમા નરેન્દ્ર ઉર્ફે નટુભાઈ ખુમાણ, ગૌતમ નાજકુભાઈ ખુમાણ, બાલસીંગ જૈતાભાઈ બોરીચા, વનરાજ મંગળુભાઈ વાળા તથા સોનુ ડાંગર સહિતની ધડપકડ કરવામાં આવી હતી. અને તેમને રીમાન્ડ આપવામાં આવેલ ત્યાર બાદ સુરક્ષાના કારણોસર તેમને અલગ-અલગ જેલમાં મોકલવામાં આવેલ હતા.

સદરહું કામમા ચાર્જશીટ અદાલતમાં રજુ થઈ જતા આરોપીઓ તરફે સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ. જે અરજી સેશન્સ કોર્ટ દ્વારા ગુજસીટોક જેવો ગંભીર ગુનો અને અનેક ગુનાઓ નોંધાયેલ હોય તેમ માનીને રદ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આરોપીઓ તરફે ગુજરાત હાઈકોર્ટમા રેગ્યુલર જામીન અરજી કરવામાં આવતા હાલના કેસમા મુખ્ય ગેંગલીડર શીવરાજ ઉર્ફે મુન્નો રામકુભાઈ વીંછીયાને સુપ્રિમ કોર્ટ દ્વારા જામીનમુકત કરવામાં આવેલ છે. તેમજ તેઓની ઉપર ૧૦ ગુનાઓ નોંધાયેલ હતા. જયારે હાલના આરોપી ઉપર પ્રોબીહીશન તથા અન્ય ગુનાઓ નોંધાયેલ છે. તેમજ તે તમામ ગુનાઓ ગુજસીટોકના કાયદો અમલમા આવ્યો તે પહેલાના છે. તે આરોપીઓ છેલ્લા ૩ વર્ષથી જેલમા છે. આ બધી બાબત ધ્યાને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીઓ બાલસીંગ જૈતાભાઈ બોરીચા, વનરાજ મંગળુભાઈ વાળા તથા સોનુ ડાંગરને રેગ્યુલર જામીન પર મુકત કરવા હાઈકોર્ટ હુકમ કર્યો હતો.

## ધારી લોહાણા સમાજના પુર્વ પ્રમુખ કાંતિલાલ પોપટનું નિધન
### શ્રી કાંતિભાઇનું નિધન થતા વ્યાપેલો ઘેરો શોક





ધારી, (ઉદય ચોલેરા)
ધારી લોહાણા સમાજના પુર્વ પ્રમુખ કાંતિલાલ કેશવલાલ પોપટનું દુઃખદ અવસાન થયેલ છે. તેમના જીવન દરમ્યાન લોહાણા સમાજને પોતાની સારી ભાવનાથી મદદરૂપ કાર્યો કરેલ તેમજ અન્ય જ્ઞાતિના લોકોને પણ મદદરૂપ થયેલ છે. હાલમાં ધારીના પ્રમુખ ભરતભાઈ પોપટના પિતાશ્રીનું અવસાન થયેલ છે.

# મોટા જીંજુડામાં ઈ નિર્માણ કાર્ડ કામગીરીનો પ્રારંભ



સાવરકુંડલા, મોટાઝિંઝુડા ગામમાં ઈ નિર્માણ કાર્ડ (લાલ ડાયરી) ની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં છેલ્લા ૩ અલગ અલગ દિવસમાં આ કાર્ડ કઢાવવાની કામગીરી મોટાઝિંઝુડા માં થઈ રહી છે. આ કાર્ડ કઢાવવાના ઘણા બધા ફાયદા સરકારશ્રીની યોજના હેઠળ થઈ શકે તેમ છે. ગરીબ અને વંચિત પરિવારોને સરકારશ્રીની યોજનાના વિવિધ લાભો મળી રહે તેવા ઉમદા હેતુથી આ સેવા કેમ્પ યુવા સરપંચ પંકજ ઉનાવા દ્વારા ગામની જરૂરિયાતમંદ વ્યક્તિઓ રહેતા હોય તેવી શેરીઓમાં જઈ અને કોઈપણ વ્યક્તિને ધક્કા ન ખાવા પડે અને રોજગારી પણ ન પડે તેવી રીતે આ કેમ્પ કરવામાં આવ્યો હતો. આ કાર્ડ કઢાવવાની થતાં ફાયદાઓ તેમજ તેના લાભો વિશે વિગતવાર સર્ચા કરી લોકોને સમજાવી આ કેમ્પને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો..આગળના દિવસોમાં પણ કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિ બાકી ન રહે તે માટે આગળના દિવસોમાં આ કેમ્પ ફરીવાર કરવામાં આવશે તેવી સરપંચ પંકજ ઉનાવા જણાવી રહ્યા છે.

# સાવરકુંડલા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

સાવરકુંડલા, સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ પક્ષ ના કાર્યકર્તા મિત્રો તેમજ આગેવાનો અને તમામ ફ્રન્ટ સેલ ના હોદેદારો ને નવલા વર્ષની શુભેચ્છા પાઠવા માટે સ્નેહ મિલન સમારોહ નું પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત ના અધ્યક્ષતા માં આયોજન કરવામાં આવેલ હતું જેમાં અમરેલી જીલ્લાના પીઠ આગેવાન દલસુખભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત પ્રદેશ, ડેલીગેટ શ્રી ચંદ્રેશભાઈ રવાણી, અમરેલી તાલુકા પ્રમુખ મનીષભાઈ ભંડેરી, પાર્ટીના માર્કેટિંગ યાર્ડ ના ડીરેકટર હાર્દિકભાઈ મનજીભાઈ કાનાણી, સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી મનુભાઈ એન ડાવરા તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા, કાર્યકારી પ્રમુખ હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી, ઈકબાલભાઈ ગોરી, રમેશભાઈ જયાણી, તેમજ પીઢ આગેવાન બાવચંદબાપા ત્રિકમબાપા, હરીબાપા, બકુલભાઈ પાટીદાર, વિનુભાઈ ગુંદરણીયા, ગોરધનભાઈ રાદડિયા, દુલાભાઈ ઉકાણી, જસુભાઈ ખુમાણ, હિતેશભાઈ સરૈયા હસુભાઈ બગડા, નાસીરભાઈ ચૌહાણ, રાજેભાઈ ચૌહાણ. અશોકભાઈ ખુમાણ, વિપુલભાઈ ઉનાવા, વગેરે તમામ આગેવાનો, હોદેદારો, કાર્યકતા મિત્રો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા, અને તેમાં પીઢ અગ્રણીઓ દ્વારા તેમજ મહાનુભાવો દ્વારા કોંગ્રેસ પાર્ટી ના તમામ કાર્યકર્તા મિત્રો, આગેવાનો, તેમજ સાવરકુંડલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારની જનતા ને ને આવનારું વર્ષ ઉતરોતર પ્રગતિ અને રાજકીય અને સહકારી ક્ષેત્રે ઉન્નતી મય રહે તેવા અંતઃકરણ થી આશિષ અને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવેલ

## ગ્રહોની ચાલ
## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા. ૨૫.૧૧.૨૦૨૩ શનિવાર, સંવંત ૨૦૮૦, કારતક સુદ તેરસ, અશ્વિની નક્ષત્ર, વરિયાન યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે.
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો
## કપાસ ૯૬૬થી ૧૪૭૫ મગફળી ૧૦૧૨ થી ૧૪૦૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૯૧-૧૨૭૦
શિંગમોટી-૧૦૧૨-૧૪૦૦
શિંગદાણા-૯૦૦-૧૪૬૫
તલસફેદ-૨૩૪૦-૩૪૧૫
તલકાળા-૨૫૦૦-૩૧૫૦
બાજરો-૪૦૦-૪૮૪
જુવાર-૬૦૪-૧૩૭૩
ઘઉંટુકડા-૫૧૪-૬૪૦
ઘઉંલોકવન-૫૦૦-૬૧૦
મગ-૧૫૫૫-૧૭૫૬
અડદ-૧૧૭૦-૧૮૫૦
ચણા-૭૦૦-૧૩૧૬
તુવેર-૨૦૧૦-૨૦૧૦
કપાસ-૯૬૬-૧૪૭૫
એરંડા-૯૬૦-૧૧૫૫
જીરૂ-૭૫૦૦-૮૩૦૦
ઇસબગુલ-૧૩૨૦-૧૩૨૦
ગમગુવાર-૧૦૩૫-૧૦૩૫
ધાણા-૧૦૭૦-૧૫૧૨
અજમા-૧૧૩૦-૧૧૭૧
મેથી-૧૦૮૫-૧૨૪૦
સોયાબીન-૮૦૫-૧૦૦૫

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૦૦-૩૦૦
રીંગણા-૩૦૦-૫૦૦
ફલાવર-૩૦૦-૫૦૦
કોબીઝ-૧૦૦-૨૨૦
ટમેટાં-૬૦૦-૯૫૦
સુરણ-૯૦૦-૧૦૦૦
ગાજર-૬૦૦-૭૦૦
દુધી-૧૦૦-૨૪૦
કારેલા-૩૦૦-૪૫૦
ગલકા-૪૫૦-૫૫૦
કાકડી-૬૦૦-૮૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
ચોળાલીલા-૪૦૦-૬૦૦
તુરીયા-૬૦૦-૯૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૧૮૫૦-૨૦૦૦
કોથમીર-૬૦૦-૧૦૦૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૫૦૦-૬૦૦
લસણસુકું-૧૪૦૦-૨૫૦૦
લીંબુ-૭૦૦-૯૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૫૦૮
જુવાર-૭૫૧-૧૪૦૦
ઘંઉ-૪૭૧-૭૧૬
મગ-૨૧૦૧-૨૩૬૧
અડદ-૧૬૫૦-૧૬૫૦
ચણા-૮૨૬-૧૧૮૧
ધાણા-૯૫૧-૧૦૭૧
શીંગ-૯૦૦-૧૩૬૭
તલસફેદ-૨૫૨૫-૩૪૦૦
તલકાળા-૧૦૦૦-૧૦૦૦
કપાસ-૧૨૭૦-૧૪૭૨

**મહુવાયાર્ડ**
શીંગ-૯૭૨-૧૩૭૧
શીંગજી-૧૦૩૨-૧૪૩૧
જુવાર-૬૩૦-૧૩૦૦
તલ-૨૬૫૨-૩૪૦૨
મકાઇ-૩૪૨-૫૨૨
ડુંગળીસ.-૧૬૫-૭૦૧
ડુંગળીલાલ-૧૦૦-૧૧૦૧
નાળીયેર-૫૦૦-૨૧૭૨
ચણા-૧૧૨૫-૧૧૫૨
મગ-૧૬૯૦-૧૬૯૦
અડદ-૧૩૭૦-૨૨૪૦

**બાબરા**
કપાસ-૧૩૭૫-૧૫૨૫
ઘઉટુકડા-૪૪૨-૫૬૮
ચણા-૯૭૮-૧૧૪૨
મગ-૧૫૬૦-૧૭૦૦
બાજરી-૩૭૨-૪૦૮
તલસફેદ-૨૫૮૫-૩૨૧૫
અડદ-૧૫૫૦-૧૮૫૦
મગફળી-૧૨૦૦-૧૩૫૦
સીંગદાણા-૧૪૦૦-૧૬૦૦

**ધારી**
કપાસ-૧૪૦૦-૧૪૭૨
મગફળી-૧૧૨૧-૧૩૩૭
ચણા-૧૦૧૪-૧૨૦૦
અડદ-૧૭૩૦-૧૭૩૦
ધાણા-૧૩૨૫-૧૩૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૩૭૧
તલસફેદ-3000-3300
તલકાળા-3050-3350
જીરૂ-૮૫૦૦-૯૦૦૦
કપાસ-૧૩૫૦-૧૪૭૦
ઘઉં-૪૫૦-૫૫૦
બાજરો-3૮૦-3૭૦
જુવાર-૧૦૦૦-૧૩૫૦
ચણા-૮૫૦-૧૨૫૦

**જેતપુર માર્કેટયાર્ડ**
મગફળીજી-૮૦૧-૧૨૩૦
મગફળીજા-૭૬૦-૧૧૫૧
ઘઉલોકવન-૩૮૦-૪૩૫
ઘઉટુકડા-૩૯૦-૪૫૧
કપાસ-૧૨૪૧-૧૯૯૧
ચણા-૬૧૧-૯૨૬
અડદ-૭૧૧-૧૪૧૧
તલ-૧૭૬૧-૨૧૪૧
જીરૂ-૨૨૧૧-૨૯૫૧
ધાણા-૧૩૫૦-૧૫૮૧
સોયાબીન-૧૦૫૬-૧૨૩૬

**ખાંભા**
કપાસ-૧૩૦૮-૧૪૬૩
અડદ-૧૬૬૧-૧૬૬૧
મગફળી-૧૧૨૧-૧૧૬૫

**બગસરાયાર્ડ**
કપાસ-૧૨૫૦-૧૪૮૮
ચણા-૧૧૫૧-૧૩૦૦
ઘંઉ-૫૩૬-૫૭૮
અડદ-૧૭૭૨-૧૮૫૦
મગ-૧૦૦૦-૧૭૫૦
ધાણા-૧૩૪૧-૧૩૬૨

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૮૦૦
દાડમ-૮૦૦-3૨૦૦
મુસંબી-૫૦૦-૯૦૦
જામફળ-૨૦૦-૪૦૦
સંતરા-૬૦૦-૯૦૦
કીવી-3000-૪૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-3000
સીતાફળ-૮૦૦-૧૫૦૦
કેળા-૫૦૦-૭૫૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૦૦૦-૨૨૦૦
અનાનસ-૯૦૦-૧૧૦૦
બોર-૪૦૦-૬૦૦

**લીલીયા**
કપાસ-૧૧૬૦-૧૪૫૦

**અમરેલી આજનું તાપમાન**
મહ ામ તાપમાન ૩૧.૫
ન્યુનતમ તાપમાન ૧૮.૭
ભેજનું પ્રમાણ ૪૮
પવનની ગતિ સરેરાશ-૭.૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૨૫-૧૧-૨૦૨૩ શનિવાર

અમરેલી શહેરમાં નંબર વન...
- પ્રિમીયમ ક્વોલિટી ડ્રાયફ્રુટ
- અવનવા ફ્રેશ ફ્રુટ
- ઇમ્પોર્ટેડ ચોકલેટ
- દિવાળી ગીફ્ટ બોક્ષ
ડ્રાયફ્રુટ બોક્ષ
ચોકલેટ બોક્ષ
30 થી વધુ વેરાયટીમાં
Frutilla
The Fruit Farm
સંતશ્રી હરિરામબાપા ફ્રુટ માર્કેટ, જુના માર્કેટયાર્ડ, અમરેલી

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩/ ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
તહેવારો નિમિતે કેશની ખરીદી ઉપર ૫% થી ૨૫% સુધીનું ડિસ્કાઉન્ટ

### કડવા પાટીદાર સમાજનાં કુટુંબીજનોની ઉપસ્થિતિમાં

# અમરેલી શહેર કડવા પાટીદાર સમાજનું સ્નેહમિલન યોજાયું

## તુલસી પાર્ટી પ્લોટ ખાતે સ્નેહમિલનમાં કળશ યોજના સહિતની માહિતી આપતા આગેવાનો



અમરેલી, લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહીર દ્વારા હાસ્યરસનો કાર્યક્રમ માં ઉમિયા માતાજીની અસીમ કૃપાથી કડવા પટેલ સમાજના દરેક સભ્ય પરસ્પર સ્નેહ-પુષ્પ સમર્પિત કરી શકે અને પ્રેમ સમર્પણ સેવાનો લાભ લઈ શકે તેવા શુભાશયથી અમરેલી શહેરમાં વસતા તમામ કડવા પાટીદાર સમાજના કુટુંબીજનોનો સ્નેહમિલન અને ભોજન સમારોહ તા. ૨૧-૧૧-૨૦૨૩ ને મંગળવારે તુલસી પાર્ટી અમરેલીમાં આયોજીત કરવામાં આવેલ હતો. સ્નેહમિલનની શરૂઆતમાં શ્રી ઉમિયા માતાજી મંદિર સીદસરના સંગઠન ઉપપ્રમુખશ્રી વજુભાઈ ગોલ દ્વારા માનવંતા મહેમાનો અને પરિવારની ભાવનાથી એકબીજાને મળે તેવા શુભ આશયથી યોજાયેલ સ્નેહમિલનમાં દરેકને આવકાર્યા હતા. તેમજ માં ઉમા કળશ યોજનાની સવિશેષ માહિતી આપી હતી. સ્નેહમિલનના માનવંતા મહેમાનો ગુજરાત રાજ્ય વિધાનસભાના મુખ્ય ઉપદંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, સાસંદશ્રી નારણભાઈ કાછડિયા, લાઠીના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, અમરેલી વિસ્તાર કડવા પટેલ કેળવણી પ્રચારક મંડળના પ્રમુખશ્રી ઠાકરશીભાઈ મેતલીયા, જિલ્લા પંચાયત સભ્યશ્રી હિમ્મતભાઈ દેત્રોજા, રામભાઈ સાનેપરા, શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી બાબુભાઈ ધામત, ઉપપ્રમુખશ્રી મનસુખભાઈ ગાંગડીયા, તાલુકા પંચાયત લાઠી સભ્યશ્રી હિંમતભાઈ એવીયા, ઈશ્વરીયા સહકારી મંડળીના પ્રમુખશ્રી ધીરુભાઈ રૂપાલા, સામાજિક અગ્રણીશ્રી કનુભાઈ ગોજારીયા, અનિલભાઈ મેતલીયા, નરેશભાઈ દસલાણીયા વગેરેએ જણાવેલ કે રોજિંદા જીવનની ઘટમાળામાં સ્નેહમિલન એક વિસામો છે અને એમનગમતા વિસામાને વધાવવા અને ઉજવવા જ્ઞાતિજનો પોતાના સમાજનો હરહંમેશ સાથ ઝંખતા હોય છે તેમજ આવા સ્નેહ મિલન થકી સમાજના સંગઠન, સ્નેહ અને સમર્પણ ભાવનાને જાળવી સતત ગૌરવ વધારવા તેમજ વિકાસના અભિગમને વધુ પ્રચલિત કરવા અપીલ કરી હતી. આંતરરાષ્ટ્રીય લોક સાહિત્યકાર શ્રી માયાભાઈ આહીર દ્વારા હાસ્ય રસની સાથોસાથ દિવાળી પર્વના પ્રેરણાત્મક દૃષ્ટાંતો આપી ઈર્ષા છોડીને દરેકે સ્નેહ અપનાવવા શુભકામના પાઠવી હતી. ભગવાન રામના સેતુબંધમાં નાની ખિસકોલીની જેમ સમાજ ઉત્થાનના વિવિધ સેવા યજ્ઞ કે પ્રવૃત્તિઓમાં સમાજના તમામ પરિવારો જોડાઈ શકે અને પોતાનું ફૂલ પાંખડીરૂપ યોગદાન આપી શકે તેવા શુભ આશથી તમામ પરિવારો માં ઉમા કળશ યોજનામાં જોડાઈ માં ઉમિયા પ્રત્યેનો ભાવ પ્રગટ કરેલ હતો. સવંત ૨૦૮૦ સ્નેહ મિલન દાતાશ્રીઓ શ્રી જયવંતભાઈ ડાયાભાઈ ફીણાવા, પ્રાગજીભાઈ લક્ષ્મણભાઈ કાલરીયા, જગદીશભાઈ જેરામભાઈ વિરમગામા, હિરેનભાઈ ખીમજીભાઈ રાછડીયા વગેરેએ આર્થિક યોગદાન આપેલ. પાર્ટી પ્લોટ લાઇટ, ડેકોરેશન વગેરે શ્રી વજુભાઈ ગોલ તરફથી યોગદાન પ્રાપ્ત થયેલ છે. તેમજ આગામી વર્ષ સવંત ૨૦૮૧ સ્નેહમિલનના આર્થિક યોગદાન પ્રહલાદભાઈ વામજા, બાલુભાઈ માતરીયા, ઉમંગભાઈ સરખેદી, રમેશભાઈ ગોલ, ગોરધનભાઈ સુરાણી, પ્રા. એમ એમ પટેલ, વિનુભાઈ જાવિયા (ભગત), મહેન્દ્રભાઈ કાવઠીયા, વલ્લભભાઈ જાવીયા, જયંતિભાઈ ચત્રોલા તરફથી પ્રાપ્ત થનાર છે. સ્નેહમિલન સમારોહની આભારવિધિ પ્રા.એમ.એમ.પટેલ દ્વારા કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અમરેલી જિલ્લા સંગઠન સમિતિના પ્રમુખશ્રી ગોરધનભાઈ સુરાણીએ સંભાળેલ હતું. સ્નેહ મિલનને સફળ બનાવવા અમરેલી સંગઠન સમિતિના સભ્યશ્રીઓ રાજુભાઈ સરખેદી, રોનકભાઈ ભાલોડીયા, મધુભાઈ જાવિયા, ઉમંગભાઈ સરખેદી, રણછોડભાઈ કુકડીયા, જયેશભાઈ મોકાસણા, યોગેશભાઈ ગોલ, પ્રદિપભાઈ મેઘપરા, જયંતિભાઈ વામજા, પ્રિન્સી. મહેશભાઈ એમ. પટેલ, હર્ષદભાઈ વિરપરા, દિનેશભાઈ જાવીયા, જીતુભાઈ ગોલ, હરેશભાઈ રૂપાલા, ભાવેશભાઈ કડેવાળ, વિનુભાઈ આદ્રોજા, મયુરભાઈ ખાનપરા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે

# રાજુલા વિસ્તારમાં તુલસી વિવાહ યોજાયાં

## ધારાસભ્યશ્રી સોલંકી સહિત આગેવાનોની ખાસ ઉપસ્થિતિ



રાજુલા, (કનુભાઈ વરૂ)તુલસી વિવાહ નું સૌરાષ્ટ્રમાં અનોખું મહત્વ હોય છે ઠાકરજીને પરણાવ્યા બાદ લગ્ન ગાળો શરૂ થતો હોય છે ત્યારે આ તુલસી વિવાહમાં રાજુલા જાફરાબાદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. હજારોની સંખ્યામાં ભાવિકોએ આ તુલસી વિવાહ નો લાભ લીધો હતો વારા સ્વરૂપ ખાતે યોજાયેલા તુલસી વિવાહમાં ધારાસભ્ય સહિતના આગેવાનોએ ચલણી નોટોનો વરસાદ કર્યો હતો જેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ ગામે તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા દ્વારા પરંપરાગત રીતે તુલસી વિવાહનું આયોજન થાય છે જેમાં આ વર્ષે પણ ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું અને પીપાવાવથી જાન આવી હતી જમા હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા આ પ્રસંગે યોજાયેલા લોક ડાયરામાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ અન્ય ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા ચલણી નોટોનો વરસાદ કરવામાં આવ્યો હતો જેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો અહીં મીઠાભાઈ લાખણોત્રા, હરસુરભાઈ લાખણોત્રા, સાગરભાઈ સરવૈયા, બાબુભાઈ લાખણોત્રા, સાવજભાઈ લાખણોત્રા, ભાવેશભાઈ સોલંકી, ભીખાભાઈ સહીત સ્થાનિક આસપાસના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયામાં શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાયો

## નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયાએ કથા રસપાન કર્યુ



વડીયા, (ભીખુભાઈ વોરા) ગુજરાત વિધાનસભા ના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ કથાનું રસપાન કર્યું ચુડા નિવાસી (હાલ નવસારી) રઘુવંશી તન્ના પરિવાર દ્વારા વડીયા મુકામે ભાગવત કથા નુ આયોજન કરેલ છે વક્તા મહોદય ધારી ના વતની હાલ સુરત શાસ્ત્રી વક્તા એ શ્રી પતુદાદા ના સ્વમુખે ભાગવત જ્ઞાન ગંગા નુ સંગીતમય સાથે રસપાન કરાવી રહ્યા છે સાથે સાથે વ્રજવાસી મંડળી દ્વારા બાળકોને વેશભૂષામાં અલગ અલગ ચરીત્રો દ્વારા આપણી વૈદિક સંસ્કૃતિ નો પરીચય થાય અને ચરીત્રો ની ઓળખાય તેવો પ્રયાસ છે સાથે જલારામ જયંતી એ વડીયા અને ચુડા (સોરઠ) ગામે બ્રમભોજન અને ચોરાસી કરી ને જલારામ જયંતી ની ઉજવણી કરી જેમા અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર સહિતના રાજકીય આગેવાનો પણ હાજર રહ્યા હતા માતૃભૂમિ ના ઋણ ને સાર્થક કરવા ‘જનની જન્મ ભુમી ‘ના સંસ્કાર ને સાર્થક કરતાં તન્ના પરીવાર પોતાના બાહ્ય મોજશોખ ને છોડી ને પોતાના પરીવાર ના સંસ્કાર સાથે જોડાયેલા રહે તે હેતુ થી તન મન ધન થી સત્કાર્યો મા ધન વાપરતા રહ્યા છે શ્રોતાઓ ખૂબ ધામધૂમથી કથા શ્રવણ કરી રહ્યા છે.

### દેવદિવાળી પર્વ નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ

# તુલસીશ્યામમાં અન્નકોટનો લાભ લેતા હજારો ભાવિકો

## પ્રવાસીઓનો અવિતર પ્રવાહ : મહાપ્રસાદ, મહાઆરતી સહિતનો ભાવિકોએ લાભ લીધો



રાજુલા, (કનુભાઈ વરૂ) સુપ્રસિદ્ધ તુલસીશ્યામ ખાતે દેવ દિવાળીને અન્નકુટમાં હજારો માણસો અન્નકૂટ નો લાભ લીધો આજે અવિર પ્રવાસીઓ હતા આ વર્ષે ગેટની બહાર ચાપીવાનો સ્ટોલ અલગ જગ્યાએ ઊભો કર્યો છે જેમાં એક સાથે વિશાળ માણસ આપી શકે ટીવી વ્યવસ્થા કરવામાં આવી હતી તેવી ગરમ પાણીમાં લોકો નાહવા જાય છે ત્યારબાદ દર્શન કરી અને ખાસ પ્રસાદીની વ્યવસ્થા કરી છે જેમાં પણ એક સાથે માણસો બેસીને પણ આરામથી મહાપ્રસાદ લઈ શકે છે તેમજ છેલ્લા સાત દિવસથી શ્યામ ગ્રુપ દ્વારા મંદિરને લાઈટ ડેકોરેશન થી કલાત્મક રીતે શણગારવામાં આવ્યું છે દેવ દિવાળી અને આજે અન્નકૂટ દિવસે પણ પ્રવાસોની સંખ્યા ધ્યાનમાં લઈ મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તેમજ મહા આરતી ની વ્યવસ્થા પણ મંદિરમાં ભીડ ન થાય તે માટે મહિલાઓ અને પુરુષોનું લાઈન અલગ અલગ ગોઠવવામાં આવી છે દિવાળીના દિવસે શ્યામ ભગવાન માટે મંદિરની અંદર કલાત્મક શ્યામ ભગવાનની આજુબાજુ ફૂલોથી શણગારવામાં આવ્યું છે અન્નકૂટ અને દેવ દિવાળીના કારણે ના દિવસે ઘરેણા સહિતના આભૂષણો શ્યામ ભગવાનને શણગારવામાં આવશે સીતારામ અન્નક્ષેત્રના મેદાનમાં ખાસ પ્રકારની યાત્રાળુ બહારથી આવતા હોય તો બેસવા માટે પણ ગાદલા પાથરવામાં આવ્યા છે મહાપ્રસાદ નો સમય પણ બપોરના કોઈ ભૂખ્યું ન રહે તે માટે સમય વધારવામાં આવેલ છે તેમજ વન તંત્ર દ્વારા પણ કોઈ યાત્રાળુ હેરાન પરેશાન ન થાય તે માટે ગેટ ઉપરથી પાસ આપવામાં આવે છે અને સૂચના આપવામાં આવે છે તંત્ર તરફથી કે જ્યાં ત્યાં કચરો ફેકવો નહીં તેમજ વનપ્રાણીઓને હેરાન ન કરવા મંદિરમાં સૂતેલા યાત્રિકોએ રાત્રિના જંગલમાં ન જાવાની સૂચના પણ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ તેમજ ગેટેથી ગરમ પાણીના કુંડ પાસેથી સીધો રસ્તો કરવામાં આવશે જેથી મંદિર આગળથી દેખાતું નથી તે સંપૂર્ણ દેખાશે તેવું આયોજન ટ્રસ્ટમાં નિર્ણય કરવામાં આવ્યો છે અને જર્જરીત હાલતમાં તુલસીશ્યામ ટ્રસ્ટના મકાનો હતા તે જગ્યાએ નવા કરવાનો નિર્ણય પણ ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે આમ સુવિધામાં નવા ટ્રસ્ટ દ્વારા અને શ્યામ ગ્રુપ દ્વારા જબરજસ્ત કામગીરી તુલસીશ્યામ જગ્યાના વિકાસ માટે કરવામાં આવી છે તેમજ સરકાર તરફથી જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે વધુ ફાળવવા માટે સરકારમાં રજૂઆત ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે આમ તુલસીશ્યામ બાબરિયાવાળથી અને જુનાગઢ જિલ્લાથી અને સોમનાથ થી નજીક થતું હોવાથી સ્થાનિક લોકોની સંખ્યા પણ દિવસે દિવસે મંદિરે શ્યામના દર્શન માટે દેવ દિવાળી અને અન્નકૂટ આજે ખૂબ જ જોવા મળ્યા પુષ્કર ટ્રાફિક હોવાથી તંત્ર અને ગીર ગઢડા પોલીસ સ્ટેશન દ્વારા ટ્રાફિક પ્રશ્ન કોઈ મુશ્કેલી પડી ન હતી.

### પહેલા પાનાનું

## જમીન સંપાદન

માટે સતત પ્રયત્નશીલ રહેનાર નેતા માંના એક છે. અમરેલી જિલ્લાને નેશનલ હાઈવેની કનેક્ટીવિટીનો વધુ ને વધુ લાભ મળી રહે તે માટે તેઓ સતત ભારત સરકાર તેમજ ગુજરાત સરકારમાં રજૂઆત કરતા આવ્યા છે. અમરેલી માટે મહુવા - સાવરકુંડલા - અમરેલી - બગસરા - વડીયા - જેતપુર નેશનલ હાઈવે- ૩૫૧ ને મંજૂરી અપાવ્યા બાદ પેકેજ - ૧ મહુવા થી બાઢડા, પેકેજ - ૨ બાઢડા થી અમરેલી અને પેકેજ -૩ અમરેલી થી બગસરાનું કંસ્ટ્રક્શન કામ ઝડપથી ચાલુ થાય તે માટે માન. કેન્દ્રીય મંત્રીશ્રી નીતિનભાઈ ગડકરીજી ને તેમજ માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીને અસરકારક રજૂઆતો કરેલ હતી. જેના ફળસ્વરૂપે ભારત સરકારના સડક પરીવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ નેશનલ હાઈવે ૩૫૧ મહુવા-જેતપુર નિર્માણના કામે જમીન સંપાદન માટે નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.આ તકે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ જણાવેલ છે કે, આ નોટીફિકેશનમાં અમરેલી જિલ્લાના કુલ ૧૭ ગામો અને ૦૨ શહેરી વિસ્તારના સર્વે નંબરોનો સમાવેશ થયેલ છે. જેમાં અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામના - ૫૬, ગાવડકા ગામના - ૨૫, ચાંપાથળ ગામના - ૪, ફતેપુર ગામના - ૪૭, ચક્કરગઢ ગામના -૨૧, મોટા ગોખરવાળા ગામના -૫૭, નાના ગોખરવાળા ગામના -૦૩, ચાંદગઢ ગામના -૧૩, લાપાળીયા ગામના -૫૩ અને અમરેલી શહેરના - ૩૦ તેમજ ધારી તાલુકાના જુના ચરખા ગામના -૦૨, નવા ચરખા ગામના -૦૬ તેમજ સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામના -૩૩, ચરખડીયા ગામના -૧૮, ઓળીયા ગામના -૨૯, મોટા જિંજુડા ગામના -૦૪, બાઢડા ગામના -૫૨, સાવર સમાપાદર ગામના -૪૭ અને સાવરકુંડલા શહેરના -૨૫ એમ કુલ મળી ૫૨૫ સર્વે નંબરોનો સમાવેશ થયેલ છે. આ નોટીફીકેશનમાં જણાવેલ સર્વે નંબરો ધરાવતા લોકો પૈકી જો કોઈને વાંધો હોય તો તેઓ ૨૧ દિવસની મર્યાદામાં પ્રાંત અધિકારીશ્રી, અમરેલી સમક્ષ તેઓનો વાંધો રજૂ કરી શકશે તેમ સાંસદશ્રીએ તેઓની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સૌરાષ્ટ્ર કચ્છની સૌ પ્રથમ ક્વોલીફાઇડ ગેસ્ટ્રોસર્જનની ટીમ દ્વારા

# અમરેલીમાં વેઇટ લોસ-ગેસ્ટ્રોસર્જરી નિદાન કેમ્પ યોજાશે

## રાજકોટની ગેસ્ટ્રોસર્જ હોસ્પિટલનાં સર્જન દ્વારા અમરેલીમાં રાહતદરે માત્ર ૫૦ ટકામાં નિદાન કેમ્પનું આયોજન



અમરેલી,

અમરેલીમાં વેઈટલોસ સર્જરી અને ગેસ્ટ્રો સર્જરીનો ૫૦ ટકા રાહત દરે નિદાન કેમ્પ યોજાનાર છે. સૌરાષ્ટ્ર કચ્છની ક્વોલીફાઈડ ગેસ્ટ્રોસર્જનની ટીમ દ્વારા થ્રીડી લેપ્રોસ્કોપી દ્વારા માત્ર ૫૦ ટકા રાહત દરે વેઈટ લોસ સર્જરી અને ગેસ્ટ્રોસર્જરી નિદાન કેમ્પ તા.૧ ડીસેમ્બર ૨૦૨૩ શુક્રવારે સાંજના ૪ થી ૬ રામકૃષ્ણ હોસ્પિટલ (ડો.ધાખડા સાહેબ) શેરી નં.૭ લક્ષ્મીચોક માનવસેવા ધર્મ આશ્રમ સામે માણેક પરા અમરેલી ખાતે રાહત દરે નિદાન કેમ્પ યોજાનાર છે જેનો લાભ લેવા એપોઈન્ટમેન્ટ બુક કરાવવા ૯૦૮૧૦૮૧૮૩૮ નો સંપર્ક કરવો. આ નિદાન કેમ્પમાં ડો.મૌલીક ભડાણીયા એમએસએમસીએચ (ગોલ્ડ મેડાલીસ્ટ) સર્જીકલ ગેસ્ટ્રો એન્ટ્રોલોજી અને ડો.ભાવિક વસોયા એમએસડીઆરએનબી (સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી) અને તેની રાજકોટની ટીમ સેવા આપશે.રાજકોટ ખાતે પણ ચોથા માળે ગેસ્ટ્રોસર્જ હોસ્પિટલ, બીજ સેન્ટર ૧૫૦ ફુટ રીંગરોડ મીરેકલ ડોક્ટર હાઉસ સામે બાલાજી હોલ સામે રાજકોટમાં પેટનાં તમામ ઓપરેશનો, પેટનાં કેન્સરનાં ઓપરેશન અને વેઈટ લોસ સર્જરીની થ્રીડી દુરબીન દ્વારા સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત સુવિધા ઉપલબ્ધ છે અને હવે તેનો લાભ અમરેલીને મળી રહ્યો છે ત્યારે બંને નામાંકીત ડોક્ટરો દ્વારા અમરેલીમાં રાહત દરે યોજાનાર નિદાન કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH MITSUBISHI MILCENT ANANDI vivo oppo
શિવ ઇલેક્ટ્રોનિક્સ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી.
મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨

એશીયન પેઇન્ટસનાં ઓથો ડિલર
કૈલાશ હાર્ડવેર માર્ટ
રોયલ - એશીયન પેઇન્ટ્સ
રોયલ - ગ્લીઝ - ઓલપ્રોટેક
ટ્રેક્ટર ઇમલ્શન - અલ્ટીમા
એપેક્ષ યશ - ઓઇલ પેઇન્ટ
તેમજ ડયુકો કલરના વેપારી
સિલ્વર પેલેસ કોમ્પલેક્ષ, દુકાન નં.૨, સ્ટેશન રોડ, અમરેલી
મો. ૯૪૨૬૯ ૬૫૦૫૭

કોઇપણ એરીયામાં મકાન - દુકાન ભાડે લેવા છે ? તો ફક્ત એક ફોન કરો તેમજ ભાડે દેવા માટે જાણ કરો અને ચિંતામુક્ત થઇ જાવ અમરેલીની આજુ - બાજુમાં ખેતીની જમીન લેવાની છે
એસ.ટી. ડેપોની સામે ૪ દુકાન વેચવાની છે
વહેલા તે પહેલા... એસ.ટી.ડેપો ચાલુ થાય તે પહેલા લાભ ઉઠાવો...
સાંઇ સદગુરૂ એસ્ટેટ બ્રોકર
પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, અસ.ટી.ડેપો સામે, અમરેલી. સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો
પાંઉ - નાની મોટી સાઇઝમાં
બ્રેડ - જીરા ખાટી - મેથી
ખારી રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા
સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
ન્યુ અમલસાદ બેકરી
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : રઘુવીર પાનવાળી ગલી, રાજકમલ ચોક, પીટણપરા, અમરેલી
મો. ૭૯૮૪૯ ૪૬૩૬૩, ૭૦૧૬૮ ૮૪૯૫૦


કાર, બાઇક, ટ્રેક્ટર, સનેડો, મીની ટ્રેક્ટર, ટ્રોલી, ટ્રક, છોટા હાથી, બોલેરો, બસ વિગેરે તમામ વાહન માટેના ટાયર - ટયુબ, બેટરી, ઓઇલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ ધરા, જેક - ફિલ્ટર, ટુલ્સનાં હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
સંજય ટાયર્સ
સંજય ટ્રેડ લીંક
દુકાન નં.૧૪, ૧૫,૧૬ બ્રાહ્મણ બોર્ડીંગ, અજમેરા સ્કુલ સામે, સ્ટેશન રોડ, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો રૂમ પાસે, અમરેલી

બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
Reg. No.E/2473/Amreli
PAN : AAETB6603J
80G No. AAETB6603JF20221
મો. ૯૮૯૮૨ ૩૧૯૨૩
સિવિલ હોસ્પિટલમાં વિના મુલ્યે ગરીબ દર્દીને ટિફિનની ફ્રી સેવા માટે સંપર્ક કરો
Bank Name : Unoin Bank
A/C. No. 258511010000007 IFS Code : UBIN0825859
બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
-:: અન્નક્ષેત્ર એડ્રેસ ::-
૭૫, ઓપેરા હાઉસ સ્ટેશન રોડ, અમરેલી.

સ્વાદના શોખીનો માટે શહેરની મધ્યમાં નવલુ નજરાણું
ચાઇના ટાઉન
ફેમીલી રેસ્ટોરન્ટ
દરરોજ સવારે :- સ્વાદથી ભરપુર વણેલા ગાંઠીયા, સુકી ભાજી, ચીપ્સ, થેપલા
દરરોજ બપોરે :- કુશળ કારીગરોના હાથે બનાવેલ ચાઇનીઝ - પંજાબી
દરરોજ રાત્રે :- અવનવા સ્વાદ તથા સોડમથી ભરપુર ચાઇનીઝ - પંજાબી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
મો. ૯૮૯૮૯ ૦૩૯૦૩ - ૯૯૭૯૭ ૬૪૪૫૨
ભીડભંજન મહાદેવ મંદિર ચોક, સમભાવ હોસ્પિટલ સામે, અમરેલી

